

PRGI No. GUJGUJ/2008/26148

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 18
Issue : 254
Dt.: 26-05-2026,
Tuesday
Page : 04
Rs.00.50 paisa

# ફ્યૂઅલ ડ્યૂટી ઘટાડતા સરકાર પર એક લાખ કરોડનો બોજ : નિર્મલા સીતારામનનો દાવો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં તાજેતરમાં થયેલા વધારા વચ્ચે કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણે સોમવારે જણાવ્યું હતું કે, ફ્યૂલ પરની એક્સાઈઝ ડ્યૂટી ઘટાડવાને કારણે સરકારને આશરે ?૧ લાખ કરોડની આવકનું નુકસાન વેઠવું પડશે. આ સાથે જ તેમણે દેશના નાગરિકોમાં આત્મવિશ્વાસ જગાડવાની જરૂરિયાત પર ભાર મૂકતા સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, 'ભારત ડરનો માહોલ (ભયભીત વાતાવરણ) ફેલાવવાનું પરવડી શકે તેમ નથી.' સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ બેંક ઓફ ઈન્ડિયા ની ૩૭મી વર્ષગાંઠ નિમિત્તે આયોજિત એક કાર્યક્રમમાં નાણા મંત્રીએ આ વાત કરી હતી. નાણા મંત્રીનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે પેટ્રોલ-ડીઝલના ભાવમાં ફરી એકવાર વધારો ઝીંકાયો છે, જે છેલ્લા ૧૦ દિવસમાં ચોથો વધારો છે. સોમવારે પેટ્રોલ પ્રતિ લિટર ૨.૬૧ અને ડીઝલ પ્રતિ લિટર ૨.૭૧ મોંઘું થયું છે, જેને કારણે સામાન્ય જનતાના બજેટ અને પરિવહન ખર્ચ પર બોજ વધ્યો છે. આ અંગે વાત કરતા નાણા મંત્રી સીતારામને નકારાત્મક વાતાવરણ ઊભું કરનારા લોકોની ટીકાકારોની આકરી ટીકા કરી હતી. તેમણે કહ્યું કે, નકારાત્મક વલણ ધરાવતા કેટલાક લોકો દેશમાં નિરાશાવાદ ફેલાવી રહ્યા છે, પરંતુ સરકારે શબ્દો અને કામથી લોકોને આત્મવિશ્વાસ આપવો પડશે. નાણા મંત્રીએ કહ્યું હતું કે, સામાન્ય પ્રજા અને ઉદ્યોગોને મોંઘવારીના મારથી બચાવવા માટે સરકારે પેટ્રોલ અને ડીઝલ પરની એક્સાઈઝ ડ્યૂટીમાં પ્રતિ લિટર ૧૦ રૂપિયાનો ઘટાડો કરી દીધો છે. ઉલ્લેખનીય છે કે, તાજેતરના ભાવવધારા પહેલા સરકારે તેની બળતણ જકાત માળખામાં સુધારો કરીને પેટ્રોલ પરની વિશેષ વધારાની એક્સાઈઝ ડ્યૂટી ઘટાડીને પ્રતિ લિટર ૩ કરી હતી અને ડીઝલ પરથી સંપૂર્ણપણે હટાવી દીધી હતી. પશ્ચિમ એશિયામાં સંઘર્ષને કારણે વૈશ્વિક ઓઈલ ચેઈનમાં સતત વિક્ષેપ પડી રહ્યો છે. ખાસ કરીને હોર્મુઝના જળમાર્ગના આસપાસના તણાવને કારણે ઊર્જા પ્રવાહ પ્રભાવિત થયો છે. ૨૮ ફેબ્રુઆરીથી શરૂ થયેલા આ સંઘર્ષના કારણે હોર્મુઝ જેવા મહત્ત્વના દરિયાઈ માર્ગ પર ઊર્જા પુરવઠો ખોરવાઈ ગયો છે, જેની અસરો સમગ્ર વિશ્વમાં જોવા મળી રહી છે. પશ્ચિમ અશિયા સંકટને હવે આશરે ત્રણ મહિના થવા આવ્યા છે, ત્યારે નાણા મંત્રીએ વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે ભારતીય અર્થતંત્ર મજબૂત હોવાનો દાવો કર્યો હતો. જો કે, તેમણે બદલાતી સ્થિતિમાં '૩ Fs' એટલે કે ફ્યૂઅલ (બળતણ), ફર્ટિલાઈઝર (ખાતર) અને ફોરેક્સ (વિદેશી હૂંડિયામણ) પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવા તાકીદ કરી હતી. વડાપ્રધાન મોદીની અપીલ પણ આ જ સંદર્ભમાં હતી. તેમણે નોંધ્યું કે 'વૈશ્વિક દબાણને કારણે ખાતરના ભાવ 'અકલ્પનીય' સ્તરે પહોંચી ગયા છે, જ્યારે સોનાના ઊંચા ભાવ બાહ્ય મોરચે 'કેટલાક પડકારો' ઊભા કરી રહ્યા છે.' જાણે 'બધું તૂટી રહ્યું છે' તેવી અતિશયોક્તિભરી નકારાત્મકતા ફેલાવનારા લોકોને જવાબ આપતા તેમણે કહ્યું હતું કે, 'સામાન્ય લોકો દ્વારા જે કંઈ પણ સારું કામકરાઈ રહ્યું છે, તેને ભૂલી જવામાં આવે છે અને એક નિરાશાવાદી, શંકાસ્પદ વાર્તા ઊભી ઘડી કઢાય છે, જે બિલકુલ યોગ્ય નથી. આપણે એ સમજવું જોઈએ કે પડકારો વધુ પ્રમાણમાં બાહ્ય પરિબળોથી પ્રેરિત છે. ભારતની સ્થાનિક આર્થિક સ્થિતિ આજે પણ હકારાત્મક અને સ્થિતિસ્થાપક છે. પશ્ચિમ એશિયા કટોકટી વચ્ચે કેટલાક લોકો દેશની પોતાની સિદ્ધિઓને ઓછી આંકવાનો પ્રયાસ કરી રહ્યા છે, જે યોગ્ય નથી.' નાણા મંત્રી સીતારમણે નાના ઉદ્યોગોની ચિંતા કરતા જણાવ્યું હતું કે,



'MSMEs (સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો) ના અટવાયેલા રૂા.૮.૧ લાખ કરોડની વિલંબિત ચૂકવણી તેમની કાર્યકારી મૂડી અને વૃદ્ધિને અસર કરી રહી છે. જાહેર ક્ષેત્રના ઉપક્રમો (PSUs)ને MSMEs માટે નક્કી કરાયેલી ૪૫ દિવસની સમયમર્યાદામાં ચૂકવણી સુનિશ્ચિત થવી જોઈએ.'

## ગોંડોલા કેબલ કાર સેવામાં ટેકનિકલ ખામી સર્જાતા તે અચાનક બંધ થઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)જમ્મુ

ગોંડોલા કેબલ કાર સેવામાં ટેકનિકલ ખામી સર્જાતા તે અચાનક બંધ થઈ હતી. ઘટનાસ્થળે અંધાધૂંધી ફેલાઈ હતી.અધિકારીઓના જણાવ્યા અનુસાર, ટેકનિકલ સમસ્યાને કારણે ગોંડોલા સેવા તાત્કાલિક બંધ કરવી પડી હતી. માહિતી મળતાં, સેનાની ૯મી રાજ રાઈફલ્સ, જમ્મુ અને કાશ્મીર પોલીસ અને નાગરિક વહીવટીતંત્રની સંયુક્ત બચાવ ટીમ ઘટનાસ્થળે પહોંચી અને બચાવ કામગીરી શરૂ કરી હતી. બચાવ કામગીરીનું નિરીક્ષણ કરવા માટે તંગમાર્ગના સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ અને તહસીલદાર પણ પહોંચ્યા હતા. બચાવ કામગીરી દરમિયાન પ્રવાસીઓને બચાવવા અને બહાર કાઢવાનું કામ ઝડપી ગતિએ ચાલુ કર્યું હતુ.પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, ગોંડોલા અચાનક બંધ થવાથી મહિલાઓ અને બાળકો સહિત ઘણા પ્રવાસીઓમાં ગભરાટ ફેલાયો હતો. જોકે, વહીવટીતંત્રે પરિસ્થિતિ નિયંત્રણમાં હોવાનું જાહેર કરતાં જણાવ્યું હતું કે તમામ મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢવા માટે જરૂરી પગલાં લેવામાં આવ્યા છે અને બચાવ કામગીરી સરળતાથી હાથ ધરવામાં આવી હતી. દરમિયાન, તકનીકી ટીમો સ્થળ પર તૈનાત કરવામાં આવી છે. તેઓ કેબલ કારમાં ખામી સર્જાવાના કારણની તપાસ કરી રહ્યા છે અને ગોંડોલા સેવા ફરી શરૂ કરવાની પ્રક્રિયા શરૂ કરી છે.અધિકારીઓએ ખાતરી આપી છે કે સંપૂર્ણ સલામતી નિરીક્ષણ પછી જ સેવા ફરી શરૂ કરવામાં આવશે. ગુલમર્ગ ગોંડોલા એશિયાની સૌથી ઊંચી કેબલ કાર સેવા અને વિશ્વની મુખ્ય કેબલ કાર સેવાઓમાંની એક માનવામાં આવે છે, જ્યાં દર વર્ષે ભારત અને વિદેશથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ પહોંચે છે.

## બેંગલુરુ બાદ હવે ઓમાનમાં એર ઈન્ડિયાની ફ્લાઈટની મોટી દુર્ઘટના ટળી

(સંપૂર્ણ સમાચાર સેવા)બેંગલુરુ

બેંગલુરુ બાદ હવે ઓમાનમાં એર ઈન્ડિયાની ફ્લાઈટની મોટી દુર્ઘટના ટળી છે. બેંગલુરુમાં પ્લેનની ટેલ સ્ટ્રાઈક (પાછળનો ભાગ) રન-વે સાથે અથડાયો હતો, ત્યારે હવે ઓમાનના મસ્કટ એરપોર્ટ પર એરલાઈન્સનું બોઈંગ રન-વે પરથી ટેકઓફ કરતી વખતે લાઈટ સાથે અથડાતા ભારે અફરાતફરી મચી છે. મળતી માહિતી મુજબ, ઓમાનની રાજધાની મસ્કટ એરપોર્ટ પર એરલાઈન્સનું બોઈંગ રન-વે પર ટેક ઓફ વખતે ખોટી દિશામાં જતું રહ્યું હતું, જેના કારણે પ્લેન રન-વે પર લાઈટ સાથે અથડાતા પ્લેનના નોજ ગિયરને નુકસાન થવાની સાથે કૉકપિટમાં જોરદાર અવાજ સંભળાયો છે. આ વિમાન ૧૫ મેએ મસ્કટથી કન્નૂર આવી રહ્યું હતું. રાહતની વાત એ છે



કે, ઘટનામાં કોઈપણ મોટી જાનહાની થઈ નથી. મસ્કટથી કન્નૂર જઈ રહેલી આ ફ્લાઈટે રન-વે પર ટેકઓફની પ્રક્રિયા શરૂ કરી દીધી હતી, ત્યારે અચાનક ફ્લાઈટ થોડી આગળ વધતા જ ખોટી દિશા તરફ જતા લાઈટ સાથે અથડાઈ હતી. આ ઘટનામાં રન-વે પર અનેક લાઈટો તૂટી ગઈ છે. આ ઉપરાંત પ્લેનના નોજ ગિયરને નુકસાન થયું છે. જોકે પાયલોટે તાત્કાલીક સમસૂચકતા દાખવતા તાત્કાલીક ટેકઓફ અટકાવી દઈ મોટી દુર્ઘટના ટાળી દીધી છે.એર ઈન્ડિયાની આ ફ્લાઈટે રન-વે નંબર 26Lપર ટેક્સીવે ઈ૭ પરથી એન્ટ્રી કરી હતી. ઘટનામાં વિમાનનું હાઈડ્રોલિક લીકેજ અને ટાયર પંચર થયું છે. સૂત્રોના જણાવ્યા મુજબ, બહારની કોઈ વસ્તુ એન્જીનમાં આવી જતા બંને એન્જિનને નુકસાન થયું છે. પ્રવાસીઓ અને ક્રૂ સભ્યોને વિમાનમાંથી ઉતારી પરત ટર્મિનલ પર લઈ જવાયા છે. એરલાઈન્સે તુરંત કાર્યવાહી કરીને તમામ મુસાફરો માટે વૈકલ્પિક વ્યવસ્થા પણ કરી આપી હતી. તમામ મુસાફરોને બીજા દિવસે અન્ય ફ્લાઈટમાં કન્નૂર મોકલવામાં આવ્યા હતા, જોકે તેમાં ૧૩ કલાકનો વિલંબ થઈ ગયો હતો. અગાઉ ૨૧ મેએ બેંગલુરુ એરપોર્ટ પર એર ઈન્ડિયા ફ્લાઈટની મોટી દુર્ઘટના ટળી હતી. એરલાઈન્સે કહ્યું હતું કે, દિલ્હીથી બેંગલુરુ જઈ રહેલી એર ઈન્ડિયાની એક ફ્લાઈટ બેંગલુરુ એરપોર્ટ પર લેન્ડિંગ થઈ રહી હતી, ત્યારે પ્લેનની ટેલ સ્ટ્રાઈક (પાછળનો ભાગ) રન-વે સાથે અથડાઈ હતી. એરલાઈન્સે કહ્યું કે, ૨૧ મેના રોજ દિલ્હીથી બેંગલુરુ પહોંચેલી AI2651 નંબરની ફ્લાઈટની ટેલ સ્ટ્રાઈક લેન્ડિંગ વખતે રન-વે સાથે અથડાઈ હતી, જોકે પાયલટની સમસૂચકતાના કારણે સુરક્ષિત લેન્ડિંગ કરવામાં આવ્યું છે અને ૧૮૧ પ્રવાસીઓ અને ક્રૂ સભ્યો સુરક્ષિત છે. ઘટના બાદ વિમાનની સંપૂર્ણ તપાસ કરવા માટે ગ્રાઉન્ડેડ કરી દેવાયું છે. એર ઈન્ડિયાના પ્રવક્તાએ કહ્યું કે, નિયમો મુજબ ઘટનાની તપાસ કરવામાં આવશે.

### CBI તપાસની હતી માંગ

## કોકરોચ જનતા પાર્ટી સામે તાત્કાલિક સુનાવણીનો સુપ્રીમ કોર્ટનો ઈનકાર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે 'કોકરોચ જનતા પાર્ટી' નામના સોશિયલ મીડિયા આંદોલન વિરુદ્ધ સીબીઆઈ (CBI) તપાસ કરવાની માંગ કરતી અરજી પર તાત્કાલિક સુનાવણી કરવાનો સ્પષ્ટ ઈક્કાર કરી દીધો છે. આ ઓનલાઈન મૂવમેન્ટ ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયા (CJI) સૂર્યકાંતની કોર્ટમાં કરાયેલી એક ટિપ્પણી બાદ કટાક્ષ તરીકે શરૂ થઈ છે.

સુનાવણી દરમિયાન જ્યારે અરજદારના વકીલે દલીલ કરી કે આ સોશિયલ મીડિયા અભિયાનના કારણે ન્યાયતંત્રની છબી ખરાબ થઈ રહી છે, ત્યારે CJI સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી.એમ. પંચોલીની બેન્ચે તેમને શાંત પાડતા બહુ મહત્ત્વની ટકોર કરી હતી કે, આ બાબતને આટલી બધી ભાવનાત્મક (સેન્ટિમેન્ટલ) રીતે લેવાની કોઈ જરૂર નથી.

એડવોકેટ રાજા ચૌધરી દ્વારા દાખલ કરવામાં આવેલી આ અરજીમાં માત્ર 'કોકરોચ જનતા પાર્ટી' આંદોલનનો જ વિરોધ નહોતો કરાયો, પરંતુ તેની સાથે જોડાયેલા લોકો પાસે કાયદાની સાચી ડિગ્રી છે કે નહીં અને તેઓ નકલી વકીલાત તો નથી કરી રહ્યા ને, તે અંગે પણ CBI તપાસ કરવાની માંગણી કરવામાં આવી હતી. કોર્ટમાં અન્ય એક વકીલે પણ એવી રજૂઆત કરી હતી કે, કોર્ટની કાર્યવાહી દરમિયાન ન્યાયાધીશો દ્વારા સહજ રીતે બોલાયેલા શબ્દો કે ટિપ્પણીઓનો સોશિયલ મીડિયા પર કમાણી કરવા માટે (વ્યાપારી હેતુઓ માટે) ઉપયોગ ન થવો જોઈએ. જોકે, આ બધી દલીલો સાંભળ્યા પછી ચીફ જસ્ટિસે બહુ ટૂંકો અને સ્પષ્ટ જવાબ આપતા કહ્યું કે, આ મામલામાં હાલ કોઈ એટલી બધી ગંભીર ઉતાવળ નથી, આથી આ વિષયને અમે પછીથી જોઈશું.

આ વિવાદની શરૂઆત ૧૫ મેના રોજ સુપ્રીમ કોર્ટની એક સુનાવણી દરમિયાન થઈ હતી. ચીફ જસ્ટિસ (CJI) સૂર્યકાંતની બેન્ચે ચિંતા વ્યક્ત કરી હતી કે કેટલાક યુવા વકીલો વકીલાત કરવાને બદલે સોશિયલ મીડિયા અને આરટીઆઈ (RTI) એક્ટિવિઝમ તરફ વળી રહ્યા છે.

કોર્ટે ટિપ્પણી કરતા કહ્યું હતું કે, કેટલાક યુવાનો 'કોકરોચ'ની જેમ આ પ્રોફેશનમાં રોજગાર મેળવી શકતા નથી અને સોશિયલ મીડિયા કે RTI એક્ટિવિસ્ટ બનીને સમાજ પર બોજ બની રહ્યા છે.

જોકે, બાદમાં વિવાદ વધતાં ચીફ જસ્ટિસે સ્પષ્ટતા કરી હતી કે તેમનો ઈશારો સામાન્ય બેરોજગાર યુવાનો તરફ નહીં, પરંતુ નકલી ડિગ્રીઓ લઈને વકીલાતમાં ઘૂસી ગયેલા લોકો તરફ હતો.

આમ છતાં, આ ટિપ્પણીની ઈન્ટરનેટ પર વ્યાપક ટીકા થઈ અને તેના વિરોધમાં સોશિયલ મીડિયા પર કટાક્ષ તરીકે 'કોકરોચ જનતા પાર્ટી'નો જન્મ થયો.

આ ડિજિટલ કલેક્ટિવની શરૂઆત અમેરિકાના બોસ્ટનમાં રહેતા અભિજીત દીપકે કરી હતી. આ ગ્રુપ રાજકીય કટાક્ષ (પોલિટિકલ સેટાયર) દ્વારા બેરોજગારી, સંસ્થાકીય જવાબદારી અને મીડિયાની આઝાદી જેવા ગંભીર મુદ્દાઓ ઉઠાવે છે. જોકે, જોતજોતામાં 'કોકરોચ જનતા પાર્ટી' ઈન્સ્ટાગ્રામ અને અન્ય પ્લેટફોર્મ્સ પર એક વિશાળ ઓનલાઈન કેમ્પેઈન બની ગઈ છે. એટલું જ નહીં, આ મૂવમેન્ટના નામે હવે પિટિશનો, મર્ચેન્ડાઈઝ (ટી-શર્ટ, કપ વગેરે) અને ઓનલાઈન ફંડિંગ જેવી પ્રવૃત્તિઓ પણ શરૂ થઈ ગઈ છે.

અરજદાર રાજા ચૌધરીએ પોતાની અરજીમાં સ્પષ્ટતા કરી છે કે તેઓ ન્યાયતંત્રની ટીકા, લોકશાહી વિરોધ, સેટાયર કે બંધારણની કલમ ૧૯(૧)(a) હેઠળ મળતી વાણી સ્વાતંત્ર્યની આઝાદીની વિરુદ્ધ નથી. તેમનો વાંધો એ છે કે કોર્ટરૂમની અંદર સહજ રીતે બોલાયેલા 'કોકરોચ' શબ્દને સંદર્ભ વગર કાપીને (ક્લિપ કરીને), તેના મીમ્સ બનાવીને, તેનું વ્યાપારીકરણ કરવામાં આવી રહ્યું છે. અલ્ગોરિધમનો ઉપયોગ કરીને ડિજિટલ પ્લેટફોર્મ્સ પર આ વીડિયોઝ વાઈરલ કરીને કમાણી કરવામાં આવી રહી છે, જે આયોજિત વ્યાપારી શોષણ છે. જોકે, હાલ પૂરતો સુપ્રીમ કોર્ટે આ મામલે કોઈ તાત્કાલિક સુનાવણી કરવાનો ઈનકાર કરી દીધો છે.

## બાંગ્લાદેશમાં મોટી દુર્ઘટનાઃ ઈદની ઉજવણી કરતા શ્રમિકોની ટ્રક પલટી, ૧૫ના મોત, ૧૦થી વધુ ઈજાગ્રસ્ત

(સંપૂર્ણ સમાચાર સેવા)ઢાકા

બાંગ્લાદેશમાં ઈદના તહેવારની ઉજવણી વચ્ચે મોચી દુર્ઘટના સર્જાઈ હતા. સોમવારે (૨૫મી મે) વહેલી સવારે બાંગ્લાદેશના એક મુખ્ય હાઈવે પર શ્રમિકો અને લોખંડના સળિયાથી ભરેલી એક ટ્રક અચાનક પલટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં ૧૫ લોકોના ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યા હતા, જ્યારે ૧૦થી વધુ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માતનો ભોગ બનેલા મોટાભાગના લોકો શ્રમિકો હતા, જેઓ તહેવાર મનાવવા પોતાના વતન જઈ રહ્યા હતા. અહેવાલો અનુસાર, આ અકસ્માત ઢાકાથી આશરે ૮૩ કિલોમીટર દૂર આવેલા ટાંગૈલ જિલ્લાના સોરાટોઈલ વિસ્તારમાં સોમવારે વહેલી સવારે અંદાજે ૫ વાગ્યાની આસપાસ સર્જાયો હતો. હાઈવે પરથી પસાર થઈ રહેલી ટ્રકના ચાલકે અચાનક જ વાહન પરથી કાબુ ગુમાવી દીધો હતો, જેના કારણે લોખંડના સળિયાથી ભરેલી આ આખી ટ્રક રોડ પર પલટી ગઈ હતી.ટ્રકમાં સવાર શ્રમિકો ઈદના પવિત્ર તહેવાર નિમિત્તે રજાઓ ગાળવા માટે ઢાકાથી ઉત્તરીય પ્રદેશ તરફ પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા. વતન પહોંચવા માટે તેઓએ હાઈવે પર લોખંડના સળિયા ભરીને જતી આ ટ્રક પાસે લિફ્ટ માંગી હતી અને તેમાં સવાર થયા હતા. પરંતુ રસ્તામાં અકસ્માત સર્જાતા ૧૫ શ્રમિકોના મોત નીપજ્યા હતા. દુર્ઘટના બાદ બચાવકર્મીઓએ ઘટનાસ્થળે દોડી જઈને ટ્રક નીચે ફસાયેલા મુસાફરોને બહાર કાઢવાની કામગીરી શરૂ કરી હતી.







## મહાબળેશ્વર નજીક ૧૫૦૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકી કાર

(સંપૂર્ણ સમાચાર સેવા)મહારાષ્ટ્ર

મહારાષ્ટ્રના પ્રખ્યાત હિલ સ્ટેશન મહાબળેશ્વર નજીક એક ભયાનક અકસ્માત સર્જાયો છે. કોંકણથી પરત ફરી રહેલા પ્રવાસીઓની એક સ્કોર્પિયો કાર અનિયંત્રિત થઈને આશરે ૧૫૦૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકી હતી. આ દર્દનાક દુર્ઘટનામાં સતારાના ૮ યુવકોનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં છે. ખીણ અતિશય ઊંડી હોવાના કારણે દૂરબીનની મદદથી મૃતદેહોની શોધખોળ કરવામાં આવી રહી છે.મળતી માહિતી અનુસાર, આ ભયાનક અકસ્માત રાયગઢના આંબેનલી ઘાટ પર રવિવાર અને સોમવારની મધ્યરાત્રિએ વહેલી સવારે આશરે ૨:૪૫ વાગ્યે સર્જાયો હતો. અકસ્માતનો ભોગ બનેલી સ્કોર્પિયો કાર સતારા જિલ્લાના કોરેગાંવ તાલુકાના આસગાંવની છે. આ તમામ યુવકો કોંકણના હરણાઈ બીચથી ફરીને વહેલી સવારે પોલાદપુર માર્ગ થઈને સતારા તરફ પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન ડ્રાઈવરે કાર પરથી નિયંત્રણ ગુમાવતાં કાર સીધી ઊંડી ખીણમાં પડી ભાંગી હતી.આ અકસ્માત એ જ જગ્યાની આસપાસ થયો છે, જ્યાં વર્ષ ૨૦૧૮માં દાપોલી કૃષિ યુનિવર્સિટીની બસ ખીણમાં ખાબકી હતી અને મોટો હોબાળો મચ્યો હતો. પોલાદપુર પોલીસ સ્ટેશનના અધિકારી આનંદ રાવડેએ જણાવ્યું કે, વહેલી સવારે અંધારામાં કાર પરથી કાબૂ ગુમાવવાને કારણે આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતની જાણ થતાં જ પોલાદપુર પોલીસની ટીમ સહિત મહાબળેશ્વર ટ્રેકર્સ, પ્રતાપગઢ રેસ્ક્યુ ટીમ, સિસ્કેપ મહાડ પોલાદપુર, આપદા મિત્ર અને સ્થાનિક લોકોની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી.

# તંત્રી લેખ......

## રૂપિયો વૈશ્વિક આંચકાઓનો સામનો કરી રહ્યો છે

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પહેલા નાગરિકોને ઉર્જા પર કરકસર કરવાની અપીલ કરી અને પછી ચેતવણી આપી કે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધથી વૈશ્વિક આર્થિક મંદી થઈ શકે છે. તેમના નિવેદનોને ચાર ચિંતાઓ પ્રેરિત કરી રહી હતી. હોર્મુઝ સ્ટ્રેટ બંધ થવાથી તેલ, ગેસ અને ખાતરના ભાવમાં દોઢ ગણો વધારો થયો છે, જેના કારણે ભારતના ઉર્જા અને ખાતરના આયાત બિલમાં લગભગ દોઢ ગણો વધારો થયો છે. ઉર્જા અને ખાતરના વધતા ભાવે દેશમાં ફુગાવો અને બજેટ વિક્ષેપનું જોખમ વધાર્યું છે. વિદેશી રોકાણકારો છેલ્લા બે વર્ષથી ભારતમાંથી મૂડી પાછી ખેંચી રહ્યા છે, અને યુએસ વ્યાજ દરોમાં અપેક્ષિત વધારો આ ગતિને વેગ આપી શકે છે. ઉર્જા અને ખાતરના આયાત બિલમાં વધારો અને વિદેશી મૂડીનો પ્રવાહ રૂપિયાને નબળો પાડી રહ્યો છે, જેના કારણે આયાત વધુ મોંઘી થઈ રહી છે. ડોલર સામે રૂપિયો દાયકાઓથી ઘટી રહ્યો છે, જે છેલ્લા દાયકામાં ૬૬ થી ૯૬ સુધી વધી ગયો છે. આમાંથી ૬.૧ ટકા ઘટાડો અમેરિકા અને ઈઝરાયલી દ્વારા ઈરાન પર હુમલા પછી થયો છે. રૂપિયો માત્ર ડોલર સામે જ નહીં પરંતુ જાપાનીઝ યેન સિવાય લગભગ દરેક હાર્ડ કરન્સી સામે પણ નબળો પડ્યો છે. છેલ્લા એક વર્ષમાં, પાકિસ્તાની રૂપિયા અને બાંગ્લાદેશી ટાકા સામે પણ ૧૦ ટકાથી વધુ ઘટ્યો છે, જેનાથી ભારતમાં મોદી સરકારની આર્થિક નીતિઓ પર પ્રશ્નો ઉભા થયા છે. જોકે, જો આપણે પાકિસ્તાની રૂપિયાના ગ્રાફ પર નજર કરીએ તો, ૨૦૧૬ થી ૨૦૨૪ દરમિયાન તેનું મૂલ્ય ડોલર સામે ભારતીય રૂપિયા કરતા બમણી ઝડપથી ઘટ્યું. ૨૦૨૨ થી ૨૦૨૪ દરમિયાન બાંગ્લાદેશી ટાકાએ પણ આવી જ પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો. ૨૦૨૪ પછી, પાકિસ્તાની રૂપિયા અને બાંગ્લાદેશી ટાકાના દર થોડા સ્થિર થયા, પરંતુ ભારતીય રૂપિયાનો ઘટાડો ઘણો ઝડપી રહ્યો. રૂપિયાની તુલનામાં આ બે ચલણોના મૂલ્યમાં થોડો સુધારો થવાનું વાસ્તવિક કારણ આ છે.

વાસ્તવિકતા એ છે કે ચલણ વિનિમય દર એ કોઈ દેશની આર્થિક શક્તિ કે નબળાઈનું માપ નથી. ઉદાહરણ તરીકે, જાપાનીઝ યેનની કિંમત હાલમાં લગભગ ૬૦ પૈસા છે. તો, શું ભારતની અર્થવ્યવસ્થા જાપાન કરતાં દોઢ ગણી મજબૂત ગણવી જોઈએ? તેવી જ રીતે, યુરોની રજૂઆત પહેલાં, ૧૯૯૮ માં, એક રૂપિયો ૪૦ ઈટાલિયન લીરાના મૂલ્યનો હતો. તો, શું ભારત ઈટાલી કરતાં ચાલીસ ગણું વધુ વિકસિત હતું? કોઈ પણ દેશના ચલણનું મૂલ્ય તેના જીડીપી અને ચલણમાં રહેલા ચલણની સંખ્યા દ્વારા નક્કી થાય છે, અને ચલણની માંગના આધારે વિનિમય દર વધે છે અને ઘટે છે. જે દેશની નિકાસ આયાત કરતાં વધી જાય છે અને જેનું ચલણ લોકો રોકાણ માટે સંગ્રહિત કરવા માંગે છે, તે માંગમાં વધારો જુએ છે. પરિણામે, તેનો વિનિમય દર વધે છે. જો વિપરીત થાય છે, તો ચલણની માંગ ઘટે છે, અને વિનિમય દર ઘટે છે. તેથી, ચલણ ન તો દેશના ગૌરવનું પ્રતિનિધિત્વ કરે છે અને ન તો તેના અર્થતંત્રનું માપદંડ.

ભારતમાં કુલ વિદેશી રોકાણનું પ્રમાણ ઘટી રહ્યું નથી. તે સતત વધી રહ્યું છે, પરંતુ છેલ્લા ત્રણ વર્ષથી ભારતમાંથી બહાર નીકળતા વિદેશી રોકાણનું પ્રમાણ પણ વધી રહ્યું છે. આ માટે બે કારણો આપવામાં આવ્યા છે. પ્રથમ, વિદેશી રોકાણકારો એવા બજારો તરફ વળી રહ્યા છે જ્યાં એઆઈ, સેમિકન્ડક્ટર અને ડેટા ક્ષેત્રોમાં નવી નવીનતાઓ થઈ રહી છે. આ કંપનીઓના ભાવ અઠવાડિયામાં બમણા અને ત્રણ ગણા થઈ રહ્યા છે, જેમ કે ડોટ-કોમના દિવસો હતા. જો કે, મોટા વિદેશી રોકાણકારો માટે તેમના રોકાણો એકસાથે વેચવાનું સરળ નથી, કારણ કે વેચાણના સમાચાર આવતાની સાથે જ ભાવ અને નફો ઘટવા લાગે છે.વિડંબના એ છે કે, ભારતમાં લોકપ્રિય બનેલા મ્યુચ્યુઅલ ફંડ્સ દ્વારા આ મુશ્કેલી હળવી થઈ છે. અમેરિકન ઈન્વેસ્ટમેન્ટ બેંક જેફરીઝ કહે છે કે, મ્યુચ્યુઅલ ફંડ્સ દ્વારા રોકાણ કરતા ભારતીય રોકાણકારોની માંગના આડમાં, વિદેશી રોકાણકારો શેરબજારમાંથી તેમના નાણાં ઘટાડ્યા વિના ઉપાડી રહ્યા છે અને એવા શેરોમાં રોકાણ કરી રહ્યા છે જ્યાં તેઓ એક મહિનામાં નફો કમાઈ રહ્યા છે જે ભારત એક વર્ષમાં કમાઈ રહ્યું નથી. બીજું કારણ ગલ્ફ-પ્રેરિત ઉર્જા કટોકટી છે, જે ભારતના બજેટને વિક્ષેપિત કરવાનો, વેપાર ખાધમાં વધારો કરવાનો, ફુગાવાનો અને રૂપિયાના અવમૂલ્યનનો ભય રાખે છે. રૂપિયાના અવમૂલ્યનથી વિદેશી રોકાણકારોના રોકાણનું મૂલ્ય પણ ઘટે છે, જેના કારણે તેઓ ભાગી રહ્યા છે.

### અઠવાડિયા પહેલા ઘડાયું હતું મોતોનું ષડયંત્ર

## પત્ની અને સાળીએ પ્રેમીઓ સાથે મળી કરી પતિની ક્રૂર હત્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)લખનઉ

ઉત્તર પ્રદેશના મુરાદાબાદમાંથી સંબંધોને શર્મસાર કરતી અને કાળજું કંપાવી દે તેવી ઘટના સામે આવી છે. અહીં એક પત્નીએ પોતાના આડા સંબંધોમાં આડખીલી બનતા પતિને રસ્તામાંથી હટાવવા માટે પોતાની બહેન અને બંનેના પ્રેમીઓ સાથે મળીને અત્યંત નિર્મમ રીતે મોતને ઘાટ ઉતારી દીધો. આરોપીઓએ યુવકને પહેલા લાકડીઓથી ઢોર માર માર્યો, ત્યારબાદ ઈલેક્ટ્રિક કરંટ આપ્યો અને છેલ્લે પરાણે ઝેર પીવડાવી દીધું. આટલું જ નહીં હત્યાને આત્મહત્યા કે અકસ્માતનું રૂપ આપવા માટે લાશને સીડીઓ પરથી નીચે ફેંકી દીધી હતી. જો કે, પોલીસની કડક પૂછપરછ સામે પાપીઓ લાંબો સમય ટકી શક્યા નહીં અને ગણતરીની મિનિટોમાં જ ગુનો કબૂલી લીધો છે.

મૃતક ૩૦ વર્ષીય પવન કુમાર ઠાકુર એક પેઢીમાં કામ કરતો હતો. તેની પત્ની આંચલને તેના જ કઝિન જેઠના દીકરા અંકિત સાથે પ્રેમ સંબંધ હતો. પવનને આ બાબતની જાણ થતાં તેણે વિરોધ કર્યો હતો, જે આંચલને ખટકતું હતું. ઉપરાંત, પવનના નામે ગામમાં ૧૦ વીઘા જમીન અને મકાન હતું, જેના પર આંચલ અને તેના પ્રેમીની નજર હતી. સંપત્તિ પચાવી પાડવા અને પ્રેમમાં નડતરરૂપ પતિને હટાવવા માટે આંચલે એક અઠવાડિયા પહેલાં જ પોતાની બહેન શિખા સાથે મળીને પ્લાન બનાવ્યો હતો. આ પ્લાન મુજબ શિખા ૬ દિવસ પહેલાં જ બહેનના ઘરે આવી ગઈ હતી. શનિવારે આ બંને બહેનોએ પોતપોતાના પ્રેમીઓ (અંકિત અને અજય દિવાકર) ને ઘરમાં બોલાવી લીધા હતા. સાંજે આશરે ૬ વાગ્યે પવન જેવો ઘરે આવ્યો કે તરત જ ચારેય જણાએ તેને બંધક બનાવી લીધો હતો.પવન બેભાન થઈ ગયા પછી, સમગ્ર ઘટના આત્મહત્યા અથવા અકસ્માત જેવી લાગે તે માટે તેને સીડીઓ પરથી નીચે ધકેલી દેવાયો હતો. ત્યારબાદ પરિવારજનોને ફોન કરીને પવને આત્મહત્યા કરી હોવાનું નાટક કરાયું હતું.શનિવારે સાંજે જ્યારે પવનનો પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યો ત્યારે તેમાં શરીર પર કરંટ આપવાના નિશાનો મળી આવ્યા હતા. રિપોર્ટ આવતા જ પોલીસનો શક પાકો થઈ ગયો. મઝોલા પોલીસ સ્ટેશનના પ્રભારી રવિન્દ્ર કુમાર અને ક્રાઈમ ઈન્સ્પેક્ટર મુઝમ્મિલ ખાંની ટીમે કડક પૂછપરછ શરૂ કરતા જ પત્ની આંચલ, સાળી શિખા, પ્રેમી અંકિત અને અજય દિવાકર ભાંગી પડ્યા હતા.

# પદ્મ પુરસ્કારોની ઘોષણાઃ ગુજરાતના ૫ વ્યક્તિઓને પદ્મશ્રી પુરસ્કાર



PIB Ahmedabad

પદ્મ પુરસ્કારો દેશના સર્વોચ્ચ નાગરિક પુરસ્કારોમાંના એક છે, જે ત્રણ શ્રેણીઓમાં એનાયત કરવામાં આવે છે, એટલે કે પદ્મ વિભૂષણ, પદ્મ ભૂષણ અને પદ્મ શ્રી. આ પુરસ્કારો વિવિધ વિષયો / પ્રવૃત્તિઓના ક્ષેત્રોમાં આપવામાં આવે છે, જેમ કે- કલા, સામાજિક કાર્ય, જાહેર બાબતો, વિજ્ઞાન અને એન્જિનિયરિંગ, વેપાર અને ઉદ્યોગ, દવા, સાહિત્ય અને શિક્ષણ, રમતગમત, નાગરિક સેવા વગેરે. 'પદ્મ વિભૂષણ' અસાધારણ અને વિશિષ્ટ સેવા માટે આપવામાં આવે છે; 'પદ્મ ભૂષણ' ઉચ્ચ કક્ષાની વિશિષ્ટ સેવા માટે અને 'પદ્મ શ્રી' કોઈપણ ક્ષેત્રમાં વિશિષ્ટ સેવા માટે આપવામાં આવે છે. દર વર્ષે પ્રજાસત્તાક દિવસના અવસર પર આ પુરસ્કારોની જાહેરાત કરવામાં આવી છે. જેમાં ગુજરાતના ૫ વ્યક્તિઓને પદ્મશ્રી પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા. જેઓની વિગત નીચે પ્રમાણે છે:

● શ્રી રતીલાલ બોરીસાગર

શ્રી રતિલાલ મોહનલાલ બોરીસાગર એ હાસ્યરસ અને કટાક્ષ લેખન માટે જાણીતા પ્રખ્યાત ગુજરાતી લેખક છે. ૩૧ ઓગસ્ટ, ૧૯૩૮ ના રોજ ગુજરાતના અમરેલી જિલ્લાના સાવરકુંડલા નામના નાના નગરમાં જન્મેલા શ્રી બોરીસાગરની શૈક્ષણિક લાયકાત એમ.એ. **(M.A.)**, બી.એડ. **(B.Ed.)**, પીએચ.ડી. **(Ph.D.)** છે. એક શિક્ષક તરીકે તેમણે ૧૯૫૭-૧૯૭૪ દરમિયાન પ્રાથમિક, માધ્યમિક અને કોલેજ કક્ષાએ શિક્ષણ આપ્યું હતું. ત્યારબાદ તેઓ ૧૯૭૪ માં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગરમાં શૈક્ષણિક સચિવ તરીકે જોડાયા હતા. તેઓ આ જ સંસ્થામાંથી ૧૯૯૮માં નાયબ નિયામક (શૈક્ષણિક) તરીકે નિવૃત્ત થયા હતા.

શ્રી બોરીસાગરે ૧૯૫૫ની આસપાસ લખવાનું શરૂ કર્યું હતું. તેમણે શરૂઆતમાં ટૂંકી વાર્તાઓ લખી હતી, પરંતુ પછીથી તેઓ હળવી શૈલીમાં નિબંધો લખવા તરફ વળ્યા હતા. તેમના પ્રથમ પુસ્તક 'મરક મરક' (૧૯૭૭) ના પ્રકાશન પછી, તેમણે માત્ર હળવી શૈલીમાં જ લખવાનું ચાલુ રાખ્યું હતું. તેમના હળવી શૈલીના પુસ્તકો છેઃ 'મરક મરક' (૧૯૭૭); 'આનંદ લોક' (૧૯૮૩); 'સંભવામિ યુગે યુગે' (૧૯૯૪); 'એન્જોયગ્રાફી' (૧૯૯૭); 'તિલક કરતાં ત્રેસઠ થયા' (૨૦૦૨); 'જીએસટી-ક' (૨૦૦૪); 'ભજ આનંદમ્' (૨૦૦૭); 'અમથું અમથું કેમ ના હસીએ' (૨૦૦૮); 'ઓમ્ હાસ્યમ્' (૨૦૧૦); 'ભદ્રંભદ્ર અમર છે' (૨૦૧૪); 'મોજ-માં રહેવું રે' (૨૦૧૭); 'વિનોદ-ના વૈકુંઠ-માં' (૨૦૧૭); 'ત્રણ અઠવાડિયા અમેરિકા-માં' (૨૦૧૯); 'એક નહીં લેવાયેલો ઈન્ટરવ્યુ' (૨૦૨૨). તેમણે સંસ્મરણોનું એક પુસ્તક 'ક્યાં છે મારી નદી' (૨૦૨૧) પણ લખ્યું છે. તેમણે સંકલનના અગિયાર પુસ્તકો પ્રકાશિત કર્યા છે (૧૯૯૮-૨૦૨૧). તેમણે ભાષાની દ્રષ્ટિએ બકોર પટેલની ૩૩ જૂની હાસ્ય વાર્તાઓના પુસ્તકોનું સંપાદન કર્યું છે (૨૦૧૨-૨૦૧૩).

હરિપ્રસાદ વ્યાસ દ્વારા લખાયેલી બકોર પટેલની વાર્તાઓ સિત્તેર વર્ષ પહેલાં પ્રકાશિત થઈ હતી, તેથી વર્તમાન સમયના યુવા વાચકો માટે તેને વાંચનક્ષમ બનાવવા માટે તેમાં સુધારો કરવાની જરૂર હતી. આ પ્રકારનું કાર્ય ગુજરાતી ભાષામાં સર્વપ્રથમ છે. તેમણે બાળકો માટે બે પુસ્તકો પ્રકાશિત કર્યા છે: 'મહાભારત-ના-પ્રસંગો' (૨૦૦૨); 'શ્રેષ્ઠ બાળ રચનાઓ' (૨૦૦૭). તેમણે બાળ વિકાસ માટે એક પુસ્તક 'બાળ વંદના' (૧૯૯૪) પ્રકાશિત કર્યું છે. તેમણે એક જીવનચરિત્રનું પુસ્તક 'રમણભાઈ નીલકંઠ' (૨૦૧૭) અને ટીકા પરનું એક પુસ્તક 'ગુજરાતી પ્રતિકાવ્યો' (૨૦૦૩) લખ્યું છે. તેમણે ગુજરાતી માસિક 'અખંડ આનંદ' (૧૯૯૯-૨૦૦૫) ના સંયુક્ત તંત્રી તરીકે કામ કર્યું હતું. શિક્ષણ ક્ષેત્રે પણ શ્રી બોરીસાગરનું પ્રદાન નોંધપાત્ર છે. તેમણે સાવરકુંડલા (અમરેલી-ગુજરાત) ખાતે સોળ વર્ષ - ૧૯૫૭-૧૯૭૪ સુધી પ્રાથમિક, માધ્યમિક અને કોલેજ કક્ષાએ શિક્ષણ આપ્યું હતું. તેમણે ૧૯૭૪માં સાવરકુંડલા છોડ્યું હતું. ૩૬ વર્ષ પછી, તેમના પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણના વિદ્યાર્થીઓએ સાવરકુંડલામાં સાહિત્યિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે ૨૦૧૧માં એક ફાઉન્ડેશનની સ્થાપના કરી હતી. વર્ષ ૨૦૧૫માં, આ ફાઉન્ડેશને સાવરકુંડલામાં 'શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્યમંદિર' હોસ્પિટલની સ્થાપના કરી હતી. આ એક અનોખી હોસ્પિટલ છે. તે સંપૂર્ણપણે મફત હોસ્પિટલ છે. ઓપરેશન અને દવાઓ સહિત તમામ પ્રકારની સારવાર માટે અહીં કોઈ ચાર્જ લેવામાં આવતો નથી. આજકાલ શ્રી બોરીસાગર 'ગુજરાત વિશ્વકોશ' અમદાવાદ સંસ્થા ખાતે માતૃભાષા - ગુજરાતીનો સાચો ઉપયોગ શીખવે છે. તેઓ વિદ્યાર્થીઓ અને અન્ય રસ ધરાવતા વ્યક્તિઓને ટૂંકી વાર્તા, કવિતાઓને સમજાવવા અને વિવેચનાત્મક મૂલ્યાંકન કરવામાં પણ મદદ કરે છે. શ્રી બોરીસાગરને ઘણા પુરસ્કારો અને સન્માનો મળ્યા છે જેમ કે 'મરક મરક' માટે જ્યોતીન્દ્ર દવે હાસ્ય પારિતોષિક - (૧૯૭૬-૧૯૭૭) (ગુજરાતી સાહિત્ય પરિષદ); 'મરક મરક' માટે દ્વિતીય પુરસ્કાર, ૧૯૭૭; 'આનંદ લોક' માટે પ્રથમ પુરસ્કાર ૧૯૮૩; ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, ગુજરાત દ્વારા 'એન્જોયગ્રાફી' માટે પ્રથમ પુરસ્કાર ૧૯૯૭; 'એન્જોયગ્રાફી' માટે ઘનશ્યામદાસ સરાફ સર્વોત્તમ સાહિત્ય પુરસ્કાર (મારવાડી સંમેલન, મુંબઈ (૧૯૯૭); ધનજી કાનજી ગાંધી સુવર્ણ ચંદ્રક - ૨૦૦૨ (ગુજરાત સાહિત્ય સભા); ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, ગુજરાત દ્વારા 'તિલક કરતાં ત્રેસઠ થયા' માટે પ્રથમ પુરસ્કાર ૨૦૦૨ અને 'જીએસટી-ક' માટે પ્રથમ પુરસ્કાર ૨૦૦૪; કવિ દલપતરામ હાસ્ય સાહિત્ય રત્ન સુવર્ણ ચંદ્રક-૨૦૧૧; સચ્ચિદાનંદ સન્માન-૨૦૧૧ (ગુજરાતી સાહિત્ય પરિષદ); 'અનંતરાય રાવળ શિક્ષક પુરસ્કાર - ૨૦૧૫ (ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ); 'નર્મદ પારિતોષિક'-૨૦૧૭ (મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી, મુંબઈ); 'મોજમા રહેવું રે' માટે દિલ્હી સાહિત્ય અકાદમી પુરસ્કાર ૨૦૧૯ (૨૦૧૯).

● શ્રી મીર હાજી કાસમ

શ્રી મીર હાજી કાસમ, જેઓ સામાન્ય રીતે 'હાજી રમકડું' તરીકે જાણીતા છે, તેઓ ગુજરાતના જૂનાગઢ જિલ્લાના એક સુપ્રસિદ્ધ લોક સંગીતકાર છે, જેઓ ગુજરાતી પરંપરાગત સંગીત પ્રત્યેના તેમના આજીવન સમર્પણ અને ઢોલક પરની તેમની નિપુણતા માટે જાણીતા છે. છ દાયકાથી વધુ સમયની કલાત્મક સફર સાથે, તેઓ ભારતના લોક વારસાના સૌથી આદરણીય રક્ષકોમાંના એક તરીકે ઉભરી આવ્યા છે. ભારત અને વિદેશમાં તેમના પ્રદર્શનોએ પ્રાદેશિક સંગીત પરંપરાઓને જીવંત, પ્રાસંગિક અને નવી પેઢીઓ માટે સુલભ રાખવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી છે.

૨૭ જાન્યુઆરી ૧૯૫૧ના રોજ જન્મેલા શ્રી કાસમે માત્ર દસ વર્ષની નાની ઉંમરે સંગીતની સાધના શરૂ કરી હતી. કોઈ ઔપચારિક શિક્ષણ ન હોવા છતાં, તેમની જન્મજાત પ્રતિભા અને સમર્પણે તેમને આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત લોક કલાકાર બનાવ્યા. વર્ષો જતાં, તેમણે કલાકારોની બહુવિધ પેઢીઓ, ગુજરાતી ચલચિત્ર જગતની હસ્તીઓ અને રેડિયો પ્લેટફોર્મ સાથે સહયોગ કર્યો, જેથી લોક સંગીતના તાલ લોકો સુધી પહોંચે. તેમની વિશિષ્ટ શૈલી—જ્યાં તેઓ પોતાના વાદ્ય સાથે એકરૂપ થઈ જાય છે—તેના કારણે તેમને વ્હાલસોયું નામ "રમકડું" મળ્યું.

શ્રી કાસમે યુએસએ, યુકે, દક્ષિણ આફ્રિકા, કેનેડા, યુએઈ, ઓમાન અને અન્ય કેટલાક દેશોમાં પ્રદર્શન કરીને ગુજરાતી લોક સંગીતને વૈશ્વિક શ્રોતાઓ સુધી પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. હજારો સ્ટેજ પર્ફોર્મન્સ અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા તેમણે આંતરરાષ્ટ્રીય મંચો પર ભારતની અમૂર્ત સાંસ્કૃતિક વિરાસત પ્રદર્શિત કરી છે. એટલું જ નોંધપાત્ર તેમનું યુવા સંગીતકારોનું માર્ગદર્શન છે—જેમાંના ઘણા હવે વ્યવસાયિક રીતે પ્રદર્શન કરે છે—જેનાથી લોક શિક્ષણ અને પ્રસારની મૌખિક પરંપરાઓને સંસ્થાકીય રૂપ મળ્યું છે. તેઓ તેમની માનવતાવાદી પ્રતિબદ્ધતા માટે આદરણીય છે. તેમણે ગૌશાળાઓ માટે ૩૫,૦૦૦થી વધુ ચેરિટી કાર્યક્રમો કર્યા છે અને સામાજિક હેતુઓ માટે સંગીતના કાર્યક્રમોનું આયોજન કર્યું છે, જેમાં જૂનાગઢમાં વંચિત પરિવારોના લગ્નોને ટેકો આપવાનો સમાવેશ થાય છે. તેમની ઉંમરના સિત્તેરમાં દાયકામાં પણ, તેઓ બાળકો અને મહત્વાકાંક્ષી કલાકારોને કોઈ પણ શુલ્ક લીધા વિના લોક સંગીત શીખવવાનું ચાલુ રાખે છે, જે કલા દ્વારા નિઃસ્વાર્થ સેવાના પ્રતીક સમાન છે. શ્રી કાસમને ગુજરાત ગૌરવ પુરસ્કાર, ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી પુરસ્કાર, ગુજરાત લોક કલા રાષ્ટ્રીય પુરસ્કાર, મુખ્યમંત્રી સન્માન પત્ર અને અગ્રણી સંસ્થાઓ તથા ગુજરાત સરકાર દ્વારા એનાયત કરાયેલા અનેક સાંસ્કૃતિક પુરસ્કારો સહિત અસંખ્ય પ્રતિષ્ઠિત રાજ્ય-સ્તરના સન્માનો પ્રાપ્ત થયા છે. બે દાયકાથી વધુ સમયના આ પુરસ્કારો પ્રસંગોપાત સિદ્ધિના બદલે સતત શ્રેષ્ઠતાને પ્રતિબિંબિત કરે છે.

● શ્રી નીલેશ વિનોદચંદ્ર માંડલેવાલા

શ્રી નિલેશ વિનોદચંદ્ર માંડલેવાલા, જેઓ લોકપ્રિય રીતે ભારતના 'ઓર્ગન મેન' (અંગદાતા) તરીકે ઓળખાય છે, તેઓ દેશમાં અંગદાનના સૌથી પ્રતિબદ્ધ અને પ્રભાવશાળી હિમાયતીઓમાંના એક તરીકે વ્યાપકપણે આદરણીય છે. 'ડોનેટ લાઈફ' **(Donate Life)** ના સ્થાપક તરીકે, તેમણે ગુજરાત અને સમગ્ર ભારતમાં કેડેવરિક અંગદાન (મૃત્યુ પછી અંગદાન) અંગે જાગૃતિ અને સ્વીકૃતિ વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

૧૯ એપ્રિલ, ૧૯૬૫ ના રોજ જન્મેલા શ્રી નિલેશ માંડલેવાલાની આ માનવતાવાદી મિશન સાથેની જોડાણની શરૂઆત એક ખૂબ જ વ્યક્તિગત અનુભવથી થઈ હતી જેણે તેમના જીવનની દિશા બદલી નાખી. તેમના પિતા કિડની ફેલ્યોરથી પીડાતા હતા અને તેમને દર અઠવાડિયે બે વાર ડાયાલિસિસની જરૂર પડતી હતી. તેમના પિતાની શારીરિક અગવડતા અને ભાવનાત્મક સંઘર્ષ જોઈને, તેમને સમજાયું કે ટ્રાન્સપ્લાન્ટેશન માટે અંગોની ભારે અછતને કારણે સમગ્ર ભારતમાં હજારો પરિવારો દર વર્ષે આવી જ પીડા સહન કરે છે. વ્યક્તિગત દુઃખને વ્યક્તિગત બોજ રહેવા દેવાને બદલે, તેમણે તેને જીવન બચાવવા અને સમાન કટોકટીનો સામનો કરી રહેલા પરિવારોને ટેકો આપવા માટે સમર્પિત આજીવન પ્રતિબદ્ધતામાં પરિવર્તિત કર્યું. વર્ષ ૨૦૦૫માં, એક એવા સમયે જ્યારે ભારતમાં અંગદાન વિશેની જાગૃતિ અત્યંત મર્યાદિત હતી અને ગેરસમજો, અજ્ઞાનતા તથા ડરથી ઘેરાયેલી હતી, ત્યારે શ્રી નિલેશ માંડલેવાલાએ અંગદાન જાગૃતિ આંદોલનની શરૂઆત કરી હતી. તેમનું કાર્ય ૨૦૦૬માં કેડેવરિક કિડની દાનને પ્રોત્સાહન આપવા સાથે શરૂ થયું હતું અને ધીમે ધીમે લીવર, હૃદય, ફેફસાં, સ્વાદુપિંડ (પેનક્રિયાસ), આંતરડા, હાથ, હાડકાં અને અન્ય પેશીઓના (ટિશ્યુ) દાન અંગેની જાગૃતિ સુધી વિસ્તર્યું હતું. તેમના સમર્પણ અને વિશ્વસનીયતાએ તેમને જાહેર આરોગ્ય જાગૃતિમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર તરીકે ઓળખ અપાવી, જેના કારણે ૨૦૧૯ થી ૨૦૨૧ દરમિયાન અંગ અને પેશી પ્રત્યારોપણ માટેની રાજ્ય સલાહકાર સમિતિના સભ્ય તરીકે તેમની નિમણૂક થઈ. શ્રી નિલેશ માંડલેવાલાનું લાંબા ગાળાનું વિઝન એ છે કે ૨૦૪૭ સુધીમાં અંગોની અનુપલબ્ધતાને કારણે કોઈ પણ નાગરિકે જીવ ગુમાવવો ન પડે. આ ધ્યેય હાંસલ કરવા માટે, તેમણે જાગૃતિ ફેલાવવા માટે બે દાયકાથી વધુ સમય સુધી સમગ્ર ભારતમાં વ્યાપક પ્રવાસ કર્યો છે. તેમણે વિવિધ પૃષ્ઠભૂમિના લોકો સાથે જોડાવા માટે સર્જનાત્મક અને ભાવનાત્મક પદ્ધતિઓનો ઉપયોગ કર્યો છે. તેમણે "અંગદાન કરલે રે માનવ તું ઈશ્વર બન જાયેગા" ગીતની રચના કરી અને ટૂંકી ફિલ્મ "કાયા - ધ મિશન ઓફ લાઈફ" નું નિર્માણ કર્યું, આ બંનેએ જાહેર જાગૃતિમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે અને વ્યક્તિઓને તેમના અંગોનું દાન કરવાનો સંકલ્પ લેવા પ્રેરિત કર્યા છે. શ્રી નિલેશ માંડલેવાલાએ સમાજને બ્રેઈન ડેથ વિશે શિક્ષિત કરવામાં અને ભાવનાત્મક રીતે પડકારજનક ક્ષણો દરમિયાન પરિવારોને અંગદાનનું મહત્વ સમજવામાં મદદ કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. તેમણે અંગદાનની સુવિધા માટે વ્યક્તિગત રીતે અસંખ્ય શોકગ્રસ્ત પરિવારોનું કાઉન્સેલિંગ કર્યું છે અને ડોકટરો, હોસ્પિટલો, એનજીઓ **(NGOs)** અને સ્વયંસેવકો સાથે નજીકથી કામ કર્યું છે. તેમના પ્રયાસોથી સુરતને "ઓર્ગન ડોનર સિટી" (અંગદાતા શહેર) તરીકે ઓળખ મેળવવામાં મદદ મળી છે, જે ભારતના અન્ય પ્રદેશો માટે એક પ્રેરણાદાયી મોડેલ સ્થાપિત કરે છે. સામાજિક પ્રતિકાર, ગેરસમજો, લોજિસ્ટિકલ પડકારો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની મર્યાદાઓનો સામનો કરવા છતાં, તેમણે ધૈર્ય, કરુણા અને અસાધારણ દ્રઢ સંકલ્પ સાથે પોતાનું મિશન ચાલુ રાખ્યું છે.

કોવિડ-૧૯ મહામારી દરમિયાન, શ્રી નિલેશ માંડલેવાલાએ હોસ્પિટલોમાં બ્રેઈન-ડેડ દર્દીઓના પરિવારોનું કાઉન્સેલિંગ ચાલુ રાખ્યું હતું, જેનાથી ૨૦૦થી વધુ અંગો અને પેશીઓના દાનમાં યોગદાન મળ્યું હતું. એકંદરે, તેમની પહેલોએ ૧૩૭૧ સફળ અંગો અને પેશીઓના દાનની સુવિધા આપવામાં મદદ કરી છે, જેનાથી ૧૨૬૩ પ્રાપ્તકર્તાઓને નવું જીવન અને તેમના પરિવારોને આશા મળી છે.

"વસુધૈવ કુટુંબકમ" ની ફિલસૂફીથી પ્રેરિત થઈને, તેમના કાર્યથી યુએઈ, યુક્રેન, રશિયા, સુદાન, યેમેન અને બાંગ્લાદેશ સહિતના દેશોના દર્દીઓને ફાયદો થયો છે. શ્રી નિલેશ વિનોદચંદ્ર માંડલેવાલાને ગુજરાત સરકારના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર "ગુજરાત ગરિમા એવોર્ડ" સહિત ૭૦થી વધુ પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા છે.

● શ્રી ધાર્મિકલાલ ચુનીલાલ પંડ્યા

શ્રી ધાર્મિકલાલ ચુનીલાલ પંડ્યા ગુજરાતની પ્રાચીન માણભટ્ટ "માણ આખ્યાન" પરંપરાના અગ્રણી ગુરુ તરીકે વ્યાપકપણે ઓળખાય છે, જે મધ્યકાલીન આખ્યાન સાહિત્યમાં મૂળ ધરાવતી એક વિશિષ્ટ મૌખિક વાર્તા કહેવાની કલા છે. શાસ્ત્રીય સંગીત, કાવ્યાત્મક અભિવ્યક્તિ અને માણ (વીંટી પહેરેલી આંગળીઓથી વગાડવામાં આવતું તાંબાનું વાસણ) ના અનોખા ઉપયોગ સાથે મહાકાવ્યોના લયબદ્ધ વર્ણન દ્વારા આ પરંપરા સદીઓથી રામાયણ, મહાભારત, ભાગવત અને પૌરાણિક કથાઓ સાથે નૈતિક અને સાંસ્કૃતિક મૂલ્યો પહોંચાડવાનું માધ્યમ રહી છે.

૧૧ ઓગસ્ટ ૧૯૩૨ના રોજ વડોદરામાં જન્મેલા શ્રી પંડ્યાને આ કલા તેમના પિતા ચુનીલાલ પંડ્યા પાસેથી વારસામાં મળી હતી અને તેમણે ૧૯૫૦ના દાયકાની શરૂઆતમાં પ્રદર્શન કરવાનું શરૂ કર્યું હતું. સાત દાયકાથી વધુ સમયથી, તેમણે આ લુપ્ત થતી પરંપરા જ્યારે તે લુપ્ત થવાના આરે હતી ત્યારે તેને પુનર્જીવિત કરવા અને ટકાવી રાખવા માટે પોતાને સમર્પિત કર્યા છે. રાષ્ટ્રપતિ ભવન જેવા પ્રતિષ્ઠિત સ્થળો સહિત સમગ્ર ગુજરાત અને ભારતમાં વ્યાપક કાર્યક્રમો અને લાંબા ગાળાની આખ્યાન શ્રેણીઓ દ્વારા તેઓ આ વારસાને વિવિધ શ્રોતાઓ સુધી પહોંચાડ્યો.

શ્રી પંડ્યાએ યુનાઈટેડ કિંગડમ, ઝિમ્બાબ્વે, ઝામ્બિયા, યુનાઈટેડ સ્ટેટ્સ, કેનેડા, નેપાળ અને થાઈલેન્ડમાં સાંસ્કૃતિક પ્રવાસો અને આધ્યાત્મિક પ્રવચનો દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરે માણભટ્ટ પરંપરાનું પ્રતિનિધિત્વ કર્યું છે, જેનાથી વૈશ્વિક શ્રોતાઓ અને ભારતીય ડાયસ્પોરાને આ દુર્લભ કલા સ્વરૂપનો પરિચય મળ્યો છે. ઓલ ઈન્ડિયા રેડિયો અને દૂરદર્શન સાથેના તેમના વ્યાપક રેકોર્ડિંગમાં હરિવંશ પુરાણ (ઉત્તર મહાભારતમાંથી), શિવ મહાપુરાણ અને મધ્યકાલીન ગુજરાતી કવિ પ્રેમાનંદના તમામ ચાલીસ આખ્યાનોના સંપૂર્ણ પ્રસ્તુતિનો સમાવેશ થાય છે. તાજેતરના વર્ષોમાં, તેમના પરિવાર દ્વારા ડિજિટલ પહોંચના આયોજને આ પરંપરાનો વ્યાપ વધુ વિસ્તાર્યો છે. શાસ્ત્રીય ભંડારને સાચવવા ઉપરાંત, શ્રી પંડ્યાએ જળ સંરક્ષણ અને પર્યાવરણીય જાગૃતિ જેવા સમકાલીન સામાજિક વિષયો પર નવા આખ્યાનોની રચના કરી છે. તેમણે 'શ્રી માણ આખ્યાનકલા શિક્ષણ કેન્દ્ર' દ્વારા તાલીમને સંસ્થાકીય રૂપ આપ્યું, જેમાં તેમના પુત્રો પ્રદ્યુમ્ન અને મયંક પંડ્યા સહિતના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું જેઓ આજે પણ આ કલાનું પ્રદર્શન કરે છે, આમ પેઢીગત સાતત્ય સુનિશ્ચિત કરે છે.

શ્રી પંડ્યાને તેમના યોગદાન બદલ અનેક સન્માનો અને પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા છે. તેમને ૧૯૮૩માં સંગીત નાટક અકાદમી પુરસ્કાર મળ્યો હતો, જેનાથી તેઓ આ સન્માન મેળવનારા એકમાત્ર માણભટ્ટ કલાકાર બન્યા હતા. અન્ય સન્માનોમાં ૧૯૮૦માં જગદગુરુ શંકરાચાર્ય તરફથી કીર્તન કેસરી પુરસ્કાર અને માણકલા કૌશલ પ્રમાણપત્ર; ૧૯૮૦ના દાયકામાં ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી તરફથી ગૌરવ પુરસ્કાર અને અનેક પ્રશંસા પુરસ્કારો; વડોદરા મહાનગરપાલિકા દ્વારા સન્માન (૧૯૮૪); સ્વામિનારાયણ વિચાર ટ્રસ્ટ, અમૃતા ઈન્સ્ટિટ્યૂટ (મુંબઈ), ગુજરાત લોકકલા કેન્દ્ર તરફથી પુરસ્કારો અને પંડિત ઓમકારનાથ ઠાકુર પુરસ્કાર (ગુજરાત સરકાર, ૧૯૯૪-૯૫); ગુજરાતી સાહિત્ય અકાદમી **(USA,** ૧૯૯૬) અને સંન્યાસ સેવાશ્રમ (કાઠમંડુ, ૨૦૦૮) તરફથી આંતરરાષ્ટ્રીય સન્માન; અને પાછળથી સંસ્કાર ભારતી (વડોદરા, ૨૦૦૯), ત્રિવેણી ઈન્સ્ટિટ્યૂટ (૨૦૧૨), ૮મો દિલ્હી આંતરરાષ્ટ્રીય કલા મહોત્સવ - સંગીત નાટક અકાદમી (દિલ્હી, ૨૦૧૪), ૧૯મો ભારત રંગ મહોત્સવ - નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા (દિલ્હી, ૨૦૧૭), ગુજરાત રાજ્ય સરકાર (૨૦૧૭), અને શાજદા કલા કેન્દ્ર ટ્રસ્ટ (બેંગલુરુ, ૨૦૧૭) તરફથી સન્માન અને અભિવાદનનો સમાવેશ થાય છે.

● શ્રી અરવિંદ વૈદ્ય

શ્રી અરવિંદ વૈદ્ય એક પ્રતિષ્ઠિત કલાકાર છે, જેમણે છ દાયકાથી વધુ સમય સુધી પાત્રો ભજવીને ગુજરાતી રંગભૂમિ, હિન્દી ટેલિવિઝન અને ચલચિત્રોમાં પોતાની હાજરી આપી છે.

૩ મે ૧૯૪૧ના રોજ જન્મેલા શ્રી વૈદ્યની સફર ઔપચારિક અભ્યાસ સાથે શરૂ થઈ હતી—એચ કે આર્ટસ કોલેજ ખાતે ૧૯૬૬માં ગુજરાત યુનિવર્સિટીમાંથી ડ્રામામાં ડિપ્લોમા ફર્સ્ટ-ક્લાસ ડિસ્ટિંક્શન સાથે મેળવ્યો હતો. ત્યાર બાદ ટૂંક સમયમાં જ, તેઓ તે જ સંસ્થામાં લેક્ચરર તરીકે પાછા ફર્યા, જ્યાં તેમણે 'પરિત્રાણ' અને 'રાયગઢ જ્યારે જાગે છે' જેવા યાદગાર ગુજરાતી નાટકોનું દિગ્દર્શન અને અભિનય કરતી વખતે યુવા મગજોને માર્ગદર્શન આપ્યું. ત્યારબાદ ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન **(ISRO)** ખાતે સેવાનો એક અધ્યાય શરૂ થયો, જ્યાં તેમણે અર્થપૂર્ણ કાર્યક્રમોમાં પ્રોડક્શન આસિસ્ટન્ટ તરીકે યોગદાન આપ્યું. આ દરમિયાન, તેમણે વ્યાપકપણે પ્રશંસા પામેલી શ્રેણી 'ભલા ભૂસાના ભેદ ભરમ' માં સ્ક્રીન પર સુંદર અભિનય કર્યો. શ્રી વૈદ્યએ તેમની પોતાની પ્રોડક્શન કંપની 'નાટ્ય સંપદા' ની સ્થાપના કરી, જેના દ્વારા તેમણે પંચોતેરથી વધુ પૂર્ણ-લંબાઈના નાટકોનું નિર્માણ, દિગ્દર્શન અને અભિનય કર્યો. તેમના દરેક સર્જનમાં સમર્પણની ઊંડી લાગણી સ્પષ્ટપણે દેખાતી હતી, જેના કારણે તેમને આ ક્ષેત્રમાં વિશેષ ઓળખ પ્રાપ્ત થઈ. વર્ષ ૧૯૯૩ માં, મુંબઈએ તેમને વ્યાપક ક્ષિતિજો ખોલીને આમંત્રિત કર્યા. બહુભાષી અને હંમેશા અનુકૂલનશીલ, તેઓ ગુજરાતી, મરાઠી અને હિન્દી રંગભૂમિમાં સરળતાથી આગળ વધ્યા, ભોજપુરી ફિલ્મમાં પણ સાહસ કર્યું. તેમણે મરાઠી ટેલિવિઝન શ્રેણી 'હર્યા નર્યા' નું દિગ્દર્શન કર્યું, અને પોતાની કલાને નવા ક્ષેત્રોમાં વિસ્તારી.

૮૫ વર્ષની ઉંમરે પણ, શ્રી વૈદ્ય સ્ટેજ અને સ્ક્રીન પર સક્રિય હાજરી ધરાવે છે—તેમનો ઉત્સાહ અકબંધ છે. ત્રણસોથી વધુ નાટકોનું દિગ્દર્શન અથવા અભિનય અને ૧૦૦થી વધુ ટેલિવિઝન કાર્યક્રમોમાં પોતાની કળાનું યોગદાન આપ્યું છે. તેમના કેટલાક પાત્રો આજે પણ દર્શકોના મનમાં અવિસ્મરણીય છે, જેમ કે 'નોખી માટી ને નોખા માનવી', 'અંતિમ અધ્યાય', 'પરિત્રાણ' અને 'અમે બરફના પંખી' જેવા નાટકો; લોકપ્રિય શો જેમાં 'સારાભાઈ વર્સિસ સારાભાઈ', 'બા બહુ ઓર બેબી', 'ખિચડી', 'સાસ બિના સસુરાલ', 'લેડીઝ સ્પેશિયલ' અને 'અનુપમા' માં બાબુજીનું પ્રેમાળ પાત્ર સામેલ છે. શ્રી વૈદ્ય ગુજરાત સરકાર તરફથી ગૌરવ પુરસ્કાર, દિલ્હીમાં ઓલ ઈન્ડિયા ઓલ લેંગ્વેજીસ ડ્રામા કોમ્પિટિશનમાં શ્રેષ્ઠ અભિનેતા અને દિગ્દર્શકના પુરસ્કારો, તથા ગુજરાત સંગીત નાટક અકાદમી તરફથી વારંવાર સન્માન મેળવનાર કલાકાર છે.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટ : એમસીએક્સ પર ક્રૂડ તેલના વાયદામાં રૂ.૪૭૯નો કડાકો: સોનાનો વાયદો રૂ.૭૦૯ અને ચાંદીનો વાયદો રૂ.૪૮૭૬ તેજ

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૪૭૮૫.૩૮ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૧૭૧૫૬.૫૮ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૬૧૬૧.૩૦ કરોડનાં કામકાજ

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૨૪૧૯૪૧.૯૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૪૭૮૫.૩૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૨૧૭૧૫૬.૫૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૨૩૫.૭૯ કરોડનું થયું હતું.


કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૬૧૬૧.૩૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૯૧૫૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૯૫૦૦ અને નીચામાં રૂ.૧૫૮૯૧૯ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૮૬૭૯ના આગલા બંધ સામે રૂ.૭૦૯ વધી રૂ.૧૫૯૩૮૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની મે વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૪૭૩ વધી રૂ.૧૨૭૬૭૬ થયો હતો. ગોલ્ડ-પેટલ મે વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૫૩ વધી રૂ.૧૫૯૬૯ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૮૧૭ વધી રૂ.૧૫૮૯૫૦ થયો હતો. ગોલ્ડ-ટેન મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૯૦૪૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૯૨૮૦ અને નીચામાં રૂ.૧૫૮૪૨૦ના મથાળે અથડાઈ, રૂ.૧૫૮૨૩૫ના આગલા બંધ સામે રૂ.૬૨૩ વધી રૂ.૧૫૮૮૫૮ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.૨૭૬૬૮૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૭૭૨૪૫ અને નીચામાં રૂ.૨૭૫૨૧૫ના મથાળે અથડાઈ, રૂ.૨૭૧૮૪૬ના આગલા બંધ સામે રૂ.૪૮૭૬ વધી રૂ.૨૭૬૭૨૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.૪૫૪૬ વધી રૂ.૨૮૦૫૪૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.૪૫૨૫ વધી રૂ.૨૮૦૫૬૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૩૦૩૦.૨૦ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું મે વાયદો રૂ.૪.૨ વધી રૂ.૧૩૪૮.૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત મે વાયદો રૂ.૩.૭૫ વધી રૂ.૩૭૩.૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ મે વાયદો ૫૫ પૈસા વધી રૂ.૩૮૬.૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું મે વાયદો ૪૦ પૈસા વધી રૂ.૨૦૩.૧૫ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૫૫૩૩.૮૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી મે વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૮૪૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૯૪૪ અને નીચામાં રૂ.૪૮૨૬ના સ્તરને સ્પર્શી, રૂ.૧૪૫ વધી રૂ.૪૯૪૧ થયો હતો. ક્રૂડ તેલ જૂન વાયદો બેરલદીઠ રૂ.૮૮૦૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૮૮૮૦ અને નીચામાં રૂ.૮૬૨૨ના મથાળે અથડાઈ, રૂ.૯૧૬૮ના આગલા બંધ સામે રૂ.૪૭૯ ઘટી રૂ.૮૬૮૯ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની જૂન વાયદો રૂ.૪૭૮ ઘટી રૂ.૮૬૯૦ થયો હતો. નેચરલ ગેસ મે વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧.૮ ઘટી રૂ.૨૭૫.૨ થયો હતો. નેચરલ ગેસ-મિની મે વાયદો રૂ.૧.૮ ઘટી રૂ.૨૭૫.૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ મે વાયદો કિલોદીઠ રૂ.૯૭૫ના ભાવે ખૂલી, ૨૦ પૈસા વધી રૂ.૯૬૪ના સ્તરે પહોંચ્યો હતો. એલચી મે વાયદો કિલોદીઠ રૂ.૨૭૦૫ના ભાવે ખૂલી, રૂ.૩ ઘટી રૂ.૨૭૦૩ના સ્તરે પહોંચ્યો હતો.




કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૮૭૬૮.૧૬ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૭૩૯૩.૧૫ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૨૩૫૧.૧૭ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૦૯.૩૮ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૭.૬૦ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૩૪૨.૫૬ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૩૪.૪૫ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૩૨૬.૨૨ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૧૭૩.૧૪ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૭.૫૭ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૪૬ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૯૬૨૯ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૨૬૦૨ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૦૧૬૮ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૧૮૭૩૦ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૪૭૫૧૨ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૯૯૦૦ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૫૧૨૪ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૭૯૫૯૬ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૯૨૧ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૬૧૮૧ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૬૦૮૬ લોટના સ્તરે રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જૂન રૂ.૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૦૮.૯ ઘટી રૂ.૨૭૭ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જૂન રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૭૦ પૈસા ઘટી રૂ.૨.૩૫ના ભાવે બોલાયો હતો.

સોનું મે રૂ.૧૬૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૭ વધી રૂ.૯૮ થયો હતો. આ સામે ચાંદી મે રૂ.૨૮૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૭ વધી રૂ.૧૩૪૯ના ભાવે બોલાયો હતો. તાંબું જૂન રૂ.૧૪૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૭૪ પૈસા વધી રૂ.૧૦.૮ના ભાવે બોલાયો હતો. જસત જૂન રૂ.૩૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૨૦ પૈસા વધી રૂ.૯ના ભાવે બોલાયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની જૂન રૂ.૮૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૨૫.૦૫ ઘટી રૂ.૬૮૧.૬૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની જૂન રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૯૫ પૈસા ઘટી રૂ.૧૬.૪૫ થયો હતો. સોનું-મિની મે રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૭.૫ વધી રૂ.૮૫૮.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની મે રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૮૮.૫ ઘટી રૂ.૧૨૩.૫ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જૂન રૂ.૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૫૬.૪ વધી રૂ.૩૩૮ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જૂન રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૮૫ પૈસા વધી રૂ.૮.૩ થયો હતો.

સોનું મે રૂ.૧૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૪.૫ ઘટી રૂ.૧૧૪ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી મે રૂ.૨૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૫૫૧ ઘટી રૂ.૬૪૧.૫ થયો હતો. તાંબું જૂન રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૬૮ ઘટી રૂ.૯.૯૬ થયો હતો. જસત જૂન રૂ.૩૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૨૨ ઘટી રૂ.૮.૫ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની જૂન રૂ.૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૫૭ વધી રૂ.૩૪૪.૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની જૂન રૂ.૨૮૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૨ વધી રૂ.૧૪.૮૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની મે રૂ.૧૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૮૨.૫ ઘટી રૂ.૨૦૧.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની મે રૂ.૨૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૨૨૪ ઘટી રૂ.૨૪૨.૫ના ભાવે બોલાયો હતો.

# ગુજરાતમાં અચાનક મૃત્યુના કેસોમાં હાર્ટએટેકથી ૯૭ ટકા મોત: એનસીઆરબી ના રીપોર્ટમાં ખુલાસો

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાતમાં અચાનક મૃત્યુના કિસ્સાઓએ ચિંતા વધારી છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડસ બ્યુરો (એનસીઆરબી) ના અહેવાલ મુજબ છેલ્લા પાંચ વરસ દરમિયાન રાજયમાં નોંધાયેલા મોટાભાગના અચાનક મૃત્યુના કેસોમાં હૃદયરોગનો હુમલો સૌથી મોટુ કારણ તરીકે ઉભરી આવ્યો છે. આંકડા દર્શાવે છે કે દર વરસે થતા કુલ અચાનક મૃત્યુમાંથી ૯૦ થી ૯૭ ટકા ફકત હૃદયરોગના હુમલાને કારણે થાય છે. અહેવાલ મુજબ વર્ષ ૨૦૨૦ માં ગુજરાતમાં કુલ ૨,૮૬૧ અચાનક મૃત્યુ નોંધાયા હતા. આમાંથી ૨,૫૭૯ લોકો હૃદયરોગ ના હુમલાથી મૃત્યુ પામ્યા હતા. જે કુલ મૃત્યુના લગભગ ૯૦ ટકા હતા. જયારે ૨૮૨ મૃત્યુ અન્ય કારણોસર થયા હતા. ૨૦૨૧ માં કુલ ૩,૧૮૫ અચાનક મૃત્યુમાંથી ૨,૯૪૮ હૃદયરોગના હુમલાથી થયા હતા. જે લગભગ ૯૨.૫ ટકા હતા. ૨૦૨૨ માં કુલ ૩,૦૨૭ અચાનક મૃત્યુમાંથી, ૨,૮૫૩ હૃદયરોગના હુમલાથી થયા હતા. જે લગભગ ૯૪ ટકા હતા, તેવી જ રીતે ૨૦૨૩ માં કુલ ૩,૨૪૮ અચાનક મૃત્યુમાંથી ૩,૧૫૬ હૃદયરોગના હુમલાથી થયા હતા, જે કુલ મૃત્યુના લગભગ ૯૭ ટકા હતા. ૨૦૨૪ માં કુલ ૩,૩૩૬ અચાનક મૃત્યુમાંથી, ૩,૨૫૩ હૃદયરોગના હુમલાથી થયા હતા. જે લગભગ ૯૭.૫ ટકા હતા. અમદાવાદના કાર્ડિયોલોજીસ્ટ ડો. લાલા ડાગાએ જણાવ્યુ હતુ કે તણાવપૂર્ણ જીવનશૈલી, અનિયમિત ખાવાની આદતો, કસરતનો અભાવ અને વધતી ઉંમરને કારણે યુવાનોમાં પણ હૃદયરોગ નુ જોખમ ઝડપથી વધી રહ્યુ છે. તેઓએ કહ્યુ હતુ કે જો યુવાનોમાં ઝડપથી વધી રહેલા આ રોગોથી બચવા માટે ચોકકસ સાવચેતી રાખવામાં આવે તો આવા મૃત્યુ અટકાવી શકાય છે. લોકોએ નિયમિત તપાસ કરાવવી જોઈએ,

વધુમાં આહાર પર ખાસ ધ્યાન આપવાની જરૂર છે અને બેઠાડુ જીવનશૈલીમાં પણ ફેરફાર કરવાની જરૂર છે. ગરમીના એક અઠવાડીયામાં અમદાવાદ શહેરની સોલા સીવીલ હોસ્પિટલમાં ડેન્ગ્યુના ૯ કેસની પુષ્ઠી થઈ છે. વધુમાં અન્ય બિમારીઓના કેસમાં પણ વધારો નોંધવામાં આવ્યો છે. છેલ્લા અઠવાડીયા દરમિયાન કુલ ૧૨,૩૬૨ દર્દીઓએ હોસ્પિટલના આઉટ પેશન્ટ વિભાગમાં સારવાર માટે મુલાકાત લીધી હતી. જયારે ૧,૨૬૧ દર્દીઓને વિવિધ બિમારીઓ માટે દાખલ કરવામાં આવ્યા હતા. સોલા સીવીલ હોસ્પિટલના જણાવ્યા અનુસાર ૧૬૩ શંકાસ્પદ ડેન્ગ્યુ દર્દીઓનુ પરીક્ષણ કરવામાં આવ્યુ હતું. જેમાંથી ૯ પોઝેટીવ આવ્યા હતા. ૬૨૧ શંકાસ્પદ મેલેરીયા દર્દીનુ પરીક્ષણ કરવામાં આવ્યુ હતું. જેમાંથી ૮ પોઝેટીવ આવ્યા હતા. ૮ શંકાસ્પદ ચીકનગુનીયા દર્દીઓમાંથી ૨ પોઝેટીવ આવ્યા હતા. વધુમાં ગરમી અને દુષિત પાણીને કારણે, પેટ સંબંધીત બિમારીઓના કેસમાં વધારો નોંધાયો છે. હોસ્પિટલમાં તીવ્ર ઝાડા રોગના ૨૦ કેસ, બેસીલરી ડાયસેન્ટરી ના ૧૮ કેસ અને વાયરલ હેપેટાઈટીસ એના ૩ કેસ નોંધાયા છે. વાયરલ હેપેટાઈટીસ ઈ ના ૨ કેસ અને ટાઈફોઈડના ૩ કેસ પણ નોંધાયા છે.

# સરકારી કર્મચારીઓ માટે ગુજરાતમાં લાગુ થશે વર્ક ફ્રોમ હોમ : મંત્રીઓની બેઠક યોજાઈ

### પંચાયત મંત્રી ઋષીકેશ પટેલ, વનમંત્રી અર્જુન મોઢવાડીયા, નાણાંમંત્રી કનુ દેસાઈ સહિતના મંત્રીઓ બેઠકમાં રહ્યા હાજર

પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીનગરમાં આજે સોમવારે કૃષિમંત્રી જીતુ વાઘાણી ના નિવાસસ્થાને સીનીયર મંત્રીઓ ઋષીકેશ પટેલ, મંત્રી અર્જુન મોઢવાડીયા અને મંત્રી કનુ દેસાઈની મહત્વની બેઠક યોજાઈ હતી.

જેમાં વિવિધ સરકારી સંગઠનો તરફથી મળેલી રજુઆતોને પગલે પાર્શિયલ વર્ક ફ્રોમ હોમ નિતી લાગુ કરવા અને આગામી સરકારી કાર્યક્રમોની રૂપરેખા તૈયાર કરવા અંગે ગંભીર ચર્ચા કરવામાં આવી હતી, રાજયના પાટનગર ગાંધીનગર ખાતે રાજયની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લઈને એક અત્યંત મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ હાઈપ્રોફાઈલ બેઠક કૃષિ મંત્રી જીતુ વાઘાણીના સરકારી નિવાસસ્થાને મળી હતી. જેમાં રાજય સરકારના અનેક સીનીયર મંત્રીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં વર્તમાન વહિવટી પડકારો, વિવિધ સંગઠનોની માંગણીઓ અને સરકારના આગામી સમયના સત્તાવાર કાર્યક્રમોના આયોજન અંગે વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

આ બેઠકનો મુખ્ય એજન્ડા વિવિધ સરકારી સંગઠનો અને કર્મચારી મંડળો તરફથી મળેલી વર્ક ફ્રોમ હોમ ની રજુઆતો હતી. સુત્રોના જણાવ્યા અનુસાર બદલાતી પરિસ્થિતિઓ અને ટેકનોલોજીના યુગમાં વહિવટી કામગીરીને વધુ સુદ્રઢ બનાવવા માટે આંશિક એટલે કે પાર્શિયલ વર્ક ફ્રોમ હોમ ની નિતી અપનાવવા અંગે




મંત્રીઓ વચ્ચે સધન મંથન થયુ હતું. કર્મચારીઓની આ રજુઆતોને સકારાત્મક રીતે જોઈને સરકાર આગામી દિવસોમાં આ અંગે કોઈ મોટો નિર્ણય લઈ શકે છે તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

# કોંગ્રેસમાંથી ભાજપમાં આવવા ૨ કરોડ : મહેસાણા ભાજપમાં ફરી ભડકો : હવે ધારાસભ્ય સી જે ચાવડાની ઓડીયો કિલપ વાયરલ

પ્રતિનિધિ,ગાંધીનગર

મહેસાણા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી ભાજપમાં આંતરીક જુથબંધી અને વિખવાદ હોવાનુ બહાર આવ્યુ છે. મહેસાણા જિલ્લામાંથી એક બાદ એક ભાજપના નેતાઓની કથિત ઓડીયો કિલપ બહાર આવી રહી છે. અગાઉ પૂર્વ નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ અને રાજયસભા સાંસદ મયંક નાયક વિશે ટીપ્પણીઓની ઓડીયો વાયરલ થયા બાદ હવે ત્રીજી ઓડીયો કિલપ બહાર આવી છે.

મહેસાણા જિલ્લાના વધુ એક ભાજપના નેતાની ઓડીયો કિલપ વાયરલ થઈ છે. આ ઓડીયો કિલપ સોશીયલ મીડીયા પર વાયરલ થતા રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. આ વાયરલ ઓડીયો કિલપ વિજાપુરના ધારાસભ્ય સી જે ચાવડાના નામની




ઓડીયો કિલપ વાયરલ થઈ છે. આ ઓડીયો કિલપમાં ચુંટણીલક્ષી રણનીતી અને રૂપીયાની લેવડ-દેવડ અંગેની ખુબ જ ચોંકાવનારી વાતો બહાર આવી છે. આ ઓડીયો કિલપ બહાર આવ્યા બાદ મહેસાણાથી લઈને ગાંધીનગર સુધીના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. વાયરલ થયેલી આ કથિત ઓડીયો કિલપમાં ચુંટણી દરમિયાન મતદારોને રીઝવવા માટે રૂપીયાની વહેંચણી કરવામાં આવી હોવાનો ખુલ્લો સ્વીકાર કરવામાં આવ્યો છે. કથિત ઓડીયો કિલપમાં સી જે ચાવડા એવુ કહેતા સંભળાય છે કે મતદાન માટે પૈસા આપીને આપણે મતો મેળવી લીધા છે.

આ ઉપરાંત પક્ષ પલ્ટા અને ટીકીટ અંગે મોટો ખુલાસો કરતા જણાવ્યુ હતુ કે હું જયારે કોંગ્રેસમાંથી આવ્યો અને વિધાનસભાની ચુંટણી લડયો ત્યારે મને ૨ કરોડ રૂપીયા આપવામાં આવ્યા હતા, ભાજપમાં અન્ય નેતાઓને મળતા ચુંટણી ફંડ અંગે કટાક્ષ કરતા કિલપ માં ઉમેરાયુ છે કે તેઓ કોંગ્રેસમાંથી આવ્યા હોવાના કારણે તેમને ૨ કરોડ રૂપીયા મળ્યા હતા. બાકી અન્ય કોઈને ૫૦ લાખ રૂપીયા થી ઉપર એક પણ પૈસો આપવામાં આવ્યો નથી. વાયરલ થયેલી આ ઓડીયો કિલપમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ અંગેની રણનીતીનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેમાં તાલુકા પંચાયત સ્તરે સર્વે કરાવીને ૫૦-૫૦ હજાર રૂપીયા આપવાની વાત કરવામાં આવી છે. આ ઉપરાંત જે ઉમેદવાર ગરીબ હોય તેને ચુંટણી લડવા માટે ૫૦ હજાર રૂપીયાની સહાય અંગે પણ સંભળાઈ રહ્યુ છે. રાજકીય વિશ્લેષકોના અનુમાન અનુસાર આ ઓડીયો કિલપ સ્થાનિક સ્વરાજયની ચુંટણી સમયની હોઈ શકે છે. મહેસાણા ભાજપમાં એક પછી એક આવી ઓડીયો કિલપ વાયરલ થવાના કારણે પક્ષની આંતરીક જુથબંધી અને ચુંટણી પ્રક્રિયામાં નાણાંના પ્રભાવને લઈને વિપક્ષને વધુ એક મોટો મુદ્દો મળી ગયો છે. જયારે સામાન્ય જનતામાં પણ આ બાબતે ભારે ચર્ચાઓ થઈ રહી છે. નોંધનીય છે કે ૨૦૨૪ માં લોકસભા ચુંટણી સમયે સી જે ચાવડાએ કોંગ્રેસ સાથે છેડો ફાડીને ભાજપમાં જોડાયા હતા. સી જે ચાવડા ભાજપના પૂર્વ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલના કાર્યકાળ દરમિયાન ભાજપમાં જોડાયા હતા. ત્યારબાદ વિજાપુરથી પેટા ચુંટણી લડી વિધાનસભા પહોચ્યા હતા.


## શેરસર્ટીફીકેટ ખોવાયેલ છે

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે ડીસ્ટ્રીકટ સબડીસ્ટ્રીકટ અમદાવાદ : ૬ (નરોડા)ના તાલુકા : સાબરમતી માં આવેલ મોજે ગામ : મોટેરાની સીમના સર્વે નં. ૨૯૩/૧, ૨૯૩/૨, ૨૯૩/૨/૨ (ટી.પી. ૨૧, એફ.પી. નં. ૩૦૬) પૈકીની બીનખેતીની જમીન ઉપર આવેલ "આદીનાથ કો.ઓ.હા.સો.લી" (આદીનાથ ટેનામેન્ટ) નામની સોસાયટીના ધ્વારા બાંધવામા આવેલ ટેનામેન્ટ નં. ૧૮ વાળી મીલકતન અંગે શેર સર્ટીફીકેટ ઈસ્યુ કરેલ છે. અને સોસાયટી દવારા ઈસ્યુ થયેલ શેર સર્ટીફીકેટ શરતચુકથી ખોવાઈ/મુકાઈ ગયેલ છે તે અંગેનું પ્રમાણપત્ર માંગેલ છે. ઉપરોકત શેર સર્ટીફીકેટ ઉપર કોઈપણ વ્યકિત, પેઢી, સંસ્થા, નાણાકીય સંસ્થા કે કો.ઓ. બેંક કે રાષ્ટ્રીયકૃત બેંક કે અન્ય કોઈએ ધીરાણ આપેલ હોય કે અન્ય કોઈપણ રીતે નાણાકીય લેવડ દેવડ કરેલ હોય કે તેમનો મોર્ગેજ લીયન, ચાર્જ, બોજો કે અન્ય કોઈ હકક રહેલો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન : ૭ મા તેમના વાંધાઓની પુરાવા સહીત જાણ અમોને નીચેના સરનામે રજી. એ.ડી. થી કરવી. જો તેમ કરવામા નહી આવે તો કોઈનો કોઈપણ પ્રકારનો હકક, દાવો રહેશે નહિં.

કમલ જી. બ્રહમભટ્ટ (એડવોકટ)
મેસર્સ. બ્રહ્મભટ્ટ અને એસોસિએટ્સ
૧૩, સીમંધર કોમ્પ્લેક્ષ, રામનગર,
સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.
(મો)૯૦૩૩૦૯૧૭૭૬


# ગેસના બાટલાની પળોજણમાં હત્યા ? : રામાપીર ચોકડીએ પૌત્રએ ધકકો મારી દાદા ને પછાડયા માથામાં ઈજા થી મોત

પ્રતિનિધિ,ગાંધીનગર

હાલમાં ગેસ સીલીન્ડરને લઈને લોકો ભારે ચર્ચામાં છે, ઘણા લોકો કહે છે કે આસાનીથી બાટલો મળતો નથી, ત્યારે રાજકોટમાં ગેસના બાટલાની દાદા અને પૌત્ર વચ્ચે ઝઘડો થઈ ગયો અને પૌત્રએ ધકકો મારી દાદાને પછાડતા માથામાં ઈજા થવાથી મોત નિપજયુ હતું. જો કે આ અંગે દાદાના માથામાં કંઈ માર્યુ છે ? કે પછી પડી જતા કંઈ લાગી ગયુ છે ? તે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે. મૃતદેહનુ ફોરેન્સિક પીએમ કરાયુ છે, આ તરફ પોલીસે પૌત્ર મોહિતની ધરપકડ કરી છે, મળતી માહિતી અનુસાર સૌ પ્રથમ રાજકોટ સીવીલ હોસ્પિટલ પોલીસ ચોકીમાં ફરીયાદ આવી હતી કે અરજણભાઈ દેવદાનભાઈ મિયાત્રા ઉ.વ.૭૨ રહે રામાપીર ચોકડી, ફાયરબ્રિગેડ પાછળ, દેવજીવન હોટલ સામે, રાજકોટ આજે સવારે ૬ વાગ્યાની આસપાસ પોતાના ઘરે હતા ત્યારે ઈજાગ્રસ્ત હાલતમાં પડેલ હોય, જેમને ૧૦૮ મારફતે રાજકોટ સીવીલ હોસ્પિટલમાં લાવતા ઈમરજન્સી વિભાગમાં ફરજ પરના ડોકટરે જોઈ તપાસી અરજણભાઈને મૃત જાહેર કર્યા હતા. રાજકોટ સીવીલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે યુનિર્વસિટી પોલીસને જાણ કરી હતી, હોસ્પિટલ દોડી આવેલ યુનિર્વસિટી પોલીસની ટીમે અરજણભાઈના મૃતદેહને પીએમ માટે ખસેડયો હતો. અરજણભાઈને બેભાન હાલતમાં તેમનો પૌત્ર મોહિત અને જમાઈ હરીભાઈ હોસ્પિટલ ખાતે લાવ્યા હતા.

હરીભાઈએ કહ્યુ હતુ કે મને સવારે મોહિતનો ફોન આવ્યો કે અરજણબાપા પડી ગયા છે અને તેને લાગી ગયુ છે, જેથી હું સ્થળ ઉપર ગયો અને પછી અમે હોસ્પિટલ લાવ્યા, પૌત્ર મોહિત રમેશભાઈ મિયાત્રાએ કહ્યુ હતુ કે તે રેલનગરમાં રહે છે, સવારે તે ગેસનો બાટલો લેવા ગયો ત્યારે બાપાએ ડેલી ખોલી અને પછી પડી ગયા, ત્યાં રેકડી પડી હોય તે માથામાં લાગી ગઈ હતી. જો કે પોલીસે પ્રાથમિક રીતે મૃતદેહ જોતા ઝપાઝપી થઈ હોય તેવુ લાગ્યુ અને ઘસરકાના નિશાન જોવા મળ્યા હતા. જેથી પોલીસને શંકા ગઈ હતી કે અરજણબાપાનુ મોત કયાંક હત્યા તો નથી ને ? પોલીસે શંકાના સમાધાન માટે અને સત્ય હકીકત બહાર લાવવા માટે મૃતદેહનુ પેનલ ફોરેન્સિક પીએમ કરવાનુ નકકી કર્યુ હતું. બનાવ સ્થળે અડોશ પડોશમાં પુછપરછ કરતા જાણવા મળ્યુ હતુ કે વહેલી સવારે અરજણભાઈના ઘરમાંથી ઝઘડો કરતા હોય તેવો અવાજ આવતો હતો, જેથી પૌત્ર મોહિતને પોલીસ સ્ટેશન ખાતે બોલાવીને આગવી ઢબે પુછપરછ કરતા જાણવા મળ્યુ હતુ કે મોહિત રેલનગરમાં રહે છે, પરંતુ તેનુ જુનુ ઘર અહી રામાપીર ચોકડી પાસે છે, જયાં તેમના દાદા અરજણભાઈ એકલા રહે છે, દાદી હયાત નથી, મોહિતના પિતા રમેશભાઈનુ પણ અવસાન થઈ ચુકયુ છે. મોહિતે ઓનલાઈન ગેસનો બાટલો નોંધાવ્યો હતો. જેમાં સરનામુ રામાપીર ચોકડી પાસે આવેલા ઘરનુ હોવાથી બાટલો ત્યાં ડીલીવરી થયો હતો, મોહિતના ઘરે રેલનગરમાં બાટલાની ખુબ જ જરૂરી હોવાથી આજે સોમવારે તે વહેલી સવારે બાટલો લેવા માટે રેલનગરથી રામાપીર ચોકડી વાળા ઘરે આવ્યો હતો. જયા તેમના દાદા અરજણભાઈ હાજર હતા, વાત વાતમાં જાણવા મળ્યુ હતુ કે દાદાએ ગેસનો બાટલો અન્ય કોઈ વ્યકિતને આપી દીધો છે, જેને લઈ દાદા અને પૌત્ર વચ્ચે બોલાચાલી થઈ હતી, ઝપાઝપી થઈ હતી, જેમાં ધકકો વાગી જતા અરજણબાપાના માથામાં રેકડીનો ખુણો લાગી ગયો હતો. આ હકીકત બહાર આવ્યા બાદ પોલીસે તપાસ હાથ ધરી છે કે શરૂઆતમાં પૌત્ર મોહિત દાદા પડી ગયા હોવાનુ રટણ કરતો હતો, પછી હવે તે ધકકો માર્યો એટલે રેકડી માથામાં વાગી તેવુ કહે છે, શું કોઈ બોથડ પદાર્થ મારવામાં આવ્યો છે ? કે પછી ખરેખર ધકકો વાગતા રેકડી જ માથામાં વાગી છે ? દાદાના શરીરે ઘસાડવામાં આવ્યા હોય તેવા નિશાન છે ? તો આ નિશાન કઈ રીતે પડયા તે પણ તપાસનો વિષય બન્યો છે. હાલ આ મામલે પોલીસે ગુન્હો નોંધી તજવીજ હાથ ધરી છે.


Ahmedabad Janmarg Ltd.
(A 100% subsidiary of Ahmedabad Municipal Corporation)
Dr. Ramanbhai Patel Bhavan, West Zone,
AMC,Usmanpura, Ahmedabad - 380013.
જનમાર્ગ JANMARG

E-TENDER NOTICE NO.02/2026-27

TENDER FOR COMPREHENSIVE ANNUAL MAINTENANCE (AMC) CONTRACT OF 277NOS. OF AUTOMATED SLIDING DOORS WITH RFID READERS AND RF CONTROLLERS FOR BUS RAPID TRANSIT SYSTEM (BRTS) BUS STATIONS IN AHMEDABAD CITY (RE-INVITE)

| | |
|---|---|
| Last Date of Online Submission of Financial Bid for E-Tender | Dt.16/06/2026, up to 16:00 Hrs. |
| Last Date of Physical submission of EMD, Tender fee and other documents | Dt.16/06/2026, up to 17:00 Hrs. |
| Date for Opening of Technical bid | Dt.16/06/2026, 17:30 Hrs. onwards |
| Details and E-Tender available on | https://tender.nprocure.com |

# સુરત સહિત દેશભરમાં કૂતરા કરડવાથી લઈને ગંભીર અને મૃત્યુ સુધીની બનતી ઘટનાઓ ચિંતાજનક છે

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

વિશ્વ આરોગ્ય સંગઠન અનુસાર, કૂતરા કરડવાથી થતા રોગ હડકવાથી મૃત્યુના ૩૬% કેસ ફક્ત ભારતમાં જ નોંધાયા છે. ઉપરાંત કૂતરા કરડવાથી ઘાયલોની યોગ્ય સારવારનો અભાવ પણ એક મોટી સમસ્યા છે. હાલમાં સુપ્રીમ કોર્ટમાં શેરીઓમાં રખડતા કૂતરાઓને ખોરાક આપવા કે ના આપવા મુદ્દે વિવાદ ચાલી રહ્યો છે. કોર્ટે એ અરજદારને પૂછ્યું છે કે જેમણે આરોપ લગાવ્યો છે કે તેમને કૂતરાઓને ખોરાક આપવા બદલ હેરાન કરવામાં આવી રહ્યા છે કે તમે શેરીમાં અથવા જે તે વિસ્તારમાં દરેક કૂતરાને ઘરે કેમ ખોરાક નથી આપતા? નિઃશંકપણે આ પ્રશ્ન વ્યાજબી છે. કારણ કે રસ્તાની બાજુમાં કે શેરીઓમાં ખોરાક આપતી વખતે એક જ જગ્યાએ ઘણા કૂતરા ભેગા થાય છે. આ કૂતરાઓ પસાર થતાં લોકો ખાસ કરીને બાળકો અને ટુ-વ્હીલર ચલાવતા લોકો માટે મોટો ખતરો બની જાય છે. જ્યારે પશુ જન્મ નિયંત્રણ નિયમો ૨૦૨૩ ના નિયમમાં પ્રાણીઓને ખોરાક આપવાની બાબત પર ભાર મૂકવામાં આવ્યો છે. પરંતુ તેની જવાબદારી સ્થાનિક સંસ્થાઓના પ્રતિનિધિઓ અને વિસ્તારના રહેવાસીઓના સંગઠન પર મુકવામાં આવી છે. પરંતુ આજે લોકો ગમે ત્યાં પ્રાણીઓ, ખાસ કરીને કૂતરાઓને ખોરાક આપતા જોવા મળે છે અને તેમને રોકવા પર ઝઘડા અને હુમલાની ઘટનાઓ સામાન્ય બની ગઈ છે.

સામાન્ય રીતે કૂતરાઓ માણસો પ્રત્યે હિંસક હોતા નથી. પરંતુ વધતાં જતા શહેરીકરણ સાથે તેમના સુરક્ષિત રહેઠાણ અને ખોરાકની કટોકટી જે રીતે ઊભી થઈ છે તેનાથી તેમનું (કૂતરાઓનું) વલણ હિંસક બની રહ્યું છે. પરિણામે હવે રસ્તાઓ પર રખડતાં કૂતરાઓને ખોરાક આપવા બાબતે પણ વાંધો ઉઠાવવામાં આવી રહ્યો છે. શ્વાનોને પસંદ કરનારા અને નાપસંદ કરનારાઓ વચ્ચેનો આ સંઘર્ષ કોર્ટ સુધી પહોંચ્યો છે.

આખરે આ પરિસ્થિતિને ધ્યાનમાં લઈને સર્વોચ્ચ અદાલતે કહેવું પડયુ કે શું દરેક શેરી અને રસ્તા કૂતરાઓને ખોરાક આપતા મોટા હૃદયના લોકો માટે છોડી દેવો જોઈએ? તેમાં કોઈ શંકા નથી કે સામાન્ય માણસની ચિંતા સર્વોપરી છે. રખડતાં કૂતરાઓનું ધ્યાન રાખવું જોઈએ. પરંતુ લોકોની સલામતી પણ મહત્વપૂર્ણ છે. તેથી પ્રાણી પ્રેમીઓએ સામાન્ય નાગરિકોની ચિંતા પ્રત્યે સંવેદનશીલતા દર્શાવવી જોઈએ. અહીં તો એવું લાગે છે કે જાણે એમના માટે માનવીઓ કરતા કૂતરા વધુ અગત્યના છે. તમને જો કૂતરાઓ પ્રત્યે એટલો જ પ્રેમ હોય તો તમે આ કૂતરાઓને તમારા ઘરમાં આશ્રય આપી અને ખવડાવો-પીવડાવો પરંતુ આમ નાગરિકો ખતરામાં મુકાય એ રીતે હિંસક પશુઓને પ્રાધાન્ય આપવું યોગ્ય નથી અને એ જ ચિંતા સુપ્રીમ કોર્ટે પણ નિર્દિષ્ટ કરી છે. પશુ પ્રેમીઓને અર્પણ.

# કાળઝાળ વધતી જતી ગરમી અને વીજળીની વધતી જતી માંગ ભાવિ સંકટનો ઈશારો છે

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ભારતમાં હાલ ગુજરાત હોય, રાજસ્થાન હોય કે દિલ્હી યુપી, મધ્યપ્રદેશ, બિહાર વિગેરે હોય આ બધા મોટાભાગના રાજયોમાં ગરમી કાળો કેર વર્તાવી રહી છે. કપાતા જંગલો અને વધતા શહેરીકરણ (કોંક્રિટના જંગલો)થી અગાઉ કરતાં તાપમાન ચાર-પાંચ ડિગ્રી વધુ રહેવા લાગ્યું છે. જેના કારણે પૂર્વોત્તર ભારતના પહાડી વિસ્તારો સિવાય મેદાની વિસ્તારોમાં સર્વત્ર અગનગોળા વરસી રહ્યા છે.

ત્યારે સ્વાભાવિક છે કે લોકો આનો સામનો કરવા માટે A.C, કુલર જેવા ઠંડક આપતા ઉપકરણોનો બેફામ ઉપયોગ કરવા લાગ્યા છે અને તેમાંથી નીકળતા હાનિકારક વાયુઓ કે ગરમીથી પર્યાવરણને નુકસાનની સાથે સાથે વાતાવરણ વધુ ગરમ થઈ રહ્યું છે. અને એના કારણે જમીન પર તાપમાન વધી રહ્યું છે. એટલે કે જે ઉપકણોનો ઘર, વાહનો કે ઓફિસને ઠંડા રાખવા માટે ઉપયોગમાં લેવાય છે. એજ ઉપકરણો વાસ્તવમાં તાપમાન વધારવાનું કામ કરી રહ્યા છે અને તેના પર ખાસ ધ્યાન અપાઈ જ નથી રહ્યું. આ કલાકો દરમિયાન, વીજળીની માંગને પહોંચી વળવા માટે કોલસા હાઈડ્રોપાવર, પરમાણુ ઉર્જા અને પવન ઊર્જા જેવા પરંપરાગત સ્રોતો પર નિર્ભરતા વધે છે. જોકે સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી ઓથોરિટીનો એક અહેવાલ ખાતરી આપે છે કે કોલસા પુરવઠાની સ્થિતિ ગયા વર્ષના સમાન સમયગાળા કરતા સારી છે. તેમ છતાં ગરમી જે રીતે અગાઉના તમામ રેકોર્ડ તોડી રહી છે તે સ્વાભાવિક રીતે આશંકાઓને જન્મ આપે છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં દેશમાં વીજ ઉત્પાદન ક્ષમતામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. આથી ઘણા શહેરો અને પ્રદેશોમાં વધતી માંગના દબાણનો સામનો કરવા માટે ખખડધજ વીજ માળખાકીય સુવિધાઓ અયોગ્ય અને અપૂરતી લાગે છે.

વધતી વસ્તી અને વિકાસની સાથે ઊર્જાની માંગમાં વધારો થવો સ્વાભાવિક છે. પરંતુ તેને ફક્ત ગરમીની તીવ્રતાના સૂચક તરીકે જોવાને બદલે, આપણે તેને ભવિષ્ય માટે તૈયારી કરવાની તક તરીકે ઝડપી લેવી જોઈએ તો જ આપણે ઉર્જા-સુરક્ષિત રાષ્ટ્ર બનવા તરફ આગળ વધી શકીશું. આખરે તો વીજળી બચાવો એ જ એક માત્ર વિકલ્પ છે.

# લાઠી તાલુકા પંચાયતમાં ભાજપે સામેથી આમ આદમી પાર્ટીના વિજેતા સભ્યને બનાવ્યા તાલુકા પંચાયત પ્રમુખ

પ્રતિનિધિ,ગાંધીનગર




અમરેલી જિલ્લાની લાઠી તાલુકા પંચાયતમાં ભાજપની બહુમતી હોવા છતાં આમ આદમી પાર્ટીના સભ્યને પ્રમુખ બનાવવાની ફરજ પડી છે. ગુજરાતીમાં એક કહેવત છે કે ન ઘરના કે ન ઘાટના, આ કહેવત લાઠી તાલુકા પંચાયતમાં બહુમતી મેળવનાર ભારતીય જનતા પાર્ટીની થઈ છે. લાઠી તાલુકામાં સ્પષ્ટ બહુમતી હોવા છતાં આજે સોમવારે હોદ્દેદારોની વરણીના દિવસે ભાજપે સામેથી જ આમ આદમી પાર્ટીમાંથી ઓબીસી જ્ઞાતિના ચુંટાયેલા સભ્યને પ્રમુખ પદ માટેના હારતોરા કરવાની ફરજ પડી હતી.

લાઠી તાલુકા પંચાયતની કુલ ૧૬ બેઠકોમાંથી ૧૦ બેઠક સાથે ભાજપે સ્પષ્ટ બહુમતી મેળવી લીધી હતી. ૪ સભ્યો આમ આદમી પાર્ટીના જીત્યા હતા. જયારે ૨ સભ્યો કોંગ્રેસના હતા, જો કે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના પ્રમુખ પદના નિયમ મુજબ લાઠી તાલુકા પંચાયતના પ્રમુખનુ પદ ઓબીસી જ્ઞાતિના સભ્ય માટે અનામત હતુ, જો કે ભાજપના ૧૦ સભ્યો તો જીત્યા પરંતુ એકપણ સભ્ય ઓબીસી જ્ઞાતિના જીત્યા ન હતા. જયારે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીમાંથી ઓબીસી જ્ઞાતિના ઉમેદવારોની જીત થઈ હતી. આવી સ્થિતિમાં ના છુટકે, ભાજપે લાઠી તાલુકા પંચાયતમાં આમ આદમી પાર્ટીમાંથી ઓબીસી જ્ઞાતિના જીતેલા સભ્યને અનામત પ્રથાને કારણે પ્રમુખ બનાવવા પડયા હતા. મને ક મને પણ તાલુકા પંચાયતનુ પદ સામેથી આમ આદમી પાર્ટીના સભ્યને આપ્યા બાદ, ભાજપના નેતાઓ, તેમની વગ અને રાજકીય તાકાત લાઠીમાં યથાવત રાખવા માટે કોંગ્રેસની ઈચ્છા ફળીભુત ન થવા દીધી નુ ગાણુ ગાઈ રહ્યા છે. કોંગ્રેસના માત્ર ૨ જ સભ્યો વિજય પામ્યા હતા. જયારે આમ આદમી પાર્ટીના ૪ સભ્યો તાલુકા પંચાયતની ચુંટણીમાં વિજયી થયા હતા. ભાજપના વર્તુળમાંથી એવી વાત વહેતી કરવામાં આવી છે કે ધારાસભ્ય હિરા સોલંકીના જમાઈ ચેતન શિયાળે સમગ્ર ઓપરેશન પાર પાડયુ છે. જો કે કોઈ ઓપરેશન નહી પરંતુ ઈચ્છા ન હોવા છતાં સ્વીકારવા જેવી વાત હતી. લાઠીમાં પ્રમુખ પદ સાથે તાલુકા પંચાયતમાં સત્તા જાળવવા માટે ભાજપ પાસે વિકલ્પ જ બે હતા, એક કોંગ્રેસ તો બીજો આમ આદમી પાર્ટી, આ બે વિકલ્પમાંથી એક ને તો કોઈપણ ભોગે પસંદ કરવો જ પડે તેવી સ્થિતિ હતી. આથી ભાજપે કોંગ્રસને બદલે આમ આદમી પાર્ટીના સભ્યને પ્રમુખ બનાવવા પડયા હતા. લાઠી તાલુકાની રાજકીય ગલીયારીઓમાં થઈ રહેલ ચર્ચા મુજબ હિરા સોલંકી હવે તેમના જમાઈને પણ રાજકીય રીતે આગળ કરી રહ્યા છે. તેથી આ ઘટનાને એક રાજકીય ઓપરેશનનુ નામ આપીને તે ચેતન શિયાળે પાર પાડયુ જાહેર કરીને લાઠી તેમજ અમરેલીમાં ચેતન શિયાળનુ રાજકીય કદ વધારવાનો પ્રયાસ થઈ રહ્યો છે. જો કે ભાજપ આ લાઠી અને અમરેલીમાં પહેલે થી જ મજબુત સ્થિતિમાં હોવાનુ કહેવામાં આવી રહ્યુ છે. આ ઉપરાંત ભાજપે કયાં તો કોંગ્રેસના સભ્યને પ્રમુખ બનાવવા પડે તેવુ હતું અથવા તો આમ આદમી પાર્ટીના સભ્યને પ્રમુખ બનાવવા પડે, આવી સ્થિતિ માં લાઠી તાલુકા પંચાયતના સભ્યોએ કોંગ્રેસને બદલે આમ આદમી પાર્ટીના સભ્યને પ્રમુખ પદ સોંપ્યુ, જો કે આગામી સમયમાં લાઠી તાલુકા પંચાયતના પ્રમુખ બનેલા સભ્ય તેમના અન્ય સાથીદારોને સાથે મળીને ભાજપનો ભગવો ધારણ કરે તો નવાઈ નહી.

કેન્દ્ર સરકારની સ્કોલરશીપ યોજના : વિદ્યાર્થીઓને ભણવા માટે મળશે મોટી આર્થિક સહાય

# ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓને મળશે રૂપીયા ૧.૨૫ લાખ સુધીની સ્કોલરશીપ

પ્રતિનિધિ,ગાંધીનગર




આજના સમયમાં શિક્ષણ એ દરેક બાળકનો મુળભુત અધિકાર છે પરંતુ એ પણ હકીકત છે કે ભણતરનો ખર્ચ સતત આસમાન આંબી રહ્યો છે. આપણા દેશમાં એવા કેટલાય હોનહાર વિદ્યાર્થીઓ છે જેઓ ભણવામાં ખુબ જ હોશિંયાર છે અને જીવનમાં કંઈક મોટુ હાસીલ કરવા માંગે છે. પરંતુ ઘણીવાર પરીવારની નબળી આર્થિક પરિસ્થિતિ તેમના સપના આડે દિવાલ બનીને ઉભી રહી જાય છે. પૈસાની તંગીના કારણે કેટલાય બાળકોને અધવચ્ચે જ ભણવાનુ છોડી દેવુ પડે છે.

આજ સમસ્યાને દુર કરવા અને દેશના હોનહાર વિદ્યાર્થીઓને આગળ વધવાની પુરેપુરી તક આપવા માટે કેન્દ્ર સરકાર એક ખુબ જ શાનદાર યોજના ચલાવી રહી છે.

આ યોજનાનુ નામ છે પીએમ યશસ્વી સ્કોલરશીપ યોજના, આ યોજના એવા ગરીબ અને મધ્યમવર્ગીય પરીવારોના બાળકો માટે કોઈ વરદાન કમ નથી, જેઓ પૈસાની અછતને લીધે પાછળ રહી જાય છે. આવો આ લેખમાં વિગતવાર સમજીએ કે આ યોજના શું છે તેના હેઠળ કેટલી આર્થિક મદદ મળે છે, પાત્રતા શું છે અને તમે તેના માટે કેવી રીતે અરજી કરી શકો છો.

પીએમ યશસ્વી યોજના કેન્દ્ર સરકારની એક અત્યંત મહત્વકાંક્ષી શિષ્યવૃત્તિ યોજના છે. આ યોજનાનુ સંચાલન કેન્દ્રીય સામાજિક ન્યાય અધિકારીતા મંત્રાલય દ્વારા કરવામાં આવે છે. આ યોજનાનો મુખ્ય ઉદેશ આર્થિક અને સામાજિક રીતે પછાતવર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓને નાણાંકીય સહાય પુરી પાડવાનો છે, આ યોજના હેઠળ મળતી સ્કોલરશીપની રકમનો ઉપયોગ વિદ્યાર્થીઓ પોતાની સ્કુલની ફી ભરવા, મોંઘા પુસ્તકો ખરીદવા, સ્ટેશનરીનો સામાન લેવા અને ભણતર સાથે જોડાયેલા અન્ય જરૂરી ખર્ચાઓ પુરા કરવા માટે કરી શકે છે. આનાથી પરીવારો પર શિક્ષણનો બોજ ઓછો થાય છે અને બાળકો કોઈપણ પ્રકારના માનસિક તણાવ વિના અભ્યાસ પુરો કરી શકે છે. આ યોજના સમાજના કેટલાક ખાસ વર્ગોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી છે. જેમને મુખ્ય પ્રવાહમાં આગળ વધવા માટે થોડા સહકારની જરૂર છે.

પીએમ યશસ્વી યોજનાનો લાભ નીચે મુજબની શ્રેણીના વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. જેમાં ઓબીસી અન્ય પછાતવર્ગના વિદ્યાર્થીઓ, ઈબીસી આર્થિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓ, ડીએનટી બિન અધિસુચિત, વિચરતી અને અર્ધ વિચરતી જનજાતિના વિદ્યાર્થીઓ, સરકારનુ માનવુ છે કે દેશની પ્રગતિ ત્યારે જ શકય છે જયારે દરેક વર્ગના બાળકોને શિક્ષણની સમાન તકો મળે, આ જ વિચાર સાથે આ યોજનાને આગળ ધપાવવામાં આવી રહી છે. પીએમ યશસ્વી યોજના હેઠળ મળનારી સહાયની રકમને ધોરણના સ્તર અને ખર્ચના આધારે બે મુખ્ય ભાગોમાં વહેંચવામાં આવી છે.

સ્કુલના શરૂઆતના મોટા ધોરણોમાં પણ ભણતરનો ખર્ચ સારો એવો થતો હોય છે. તેથી યોજના હેઠળ જે વિદ્યાર્થીઓ ધોરણ ૯ અને ૧૦ માં ભણી રહ્યા છે તેમને પોતાનો અભ્યાસ ચાલુ રાખવા માટે દર વરસે મહત્તમ ૭૫ હજાર રૂપીયા સુધીની શિષ્યવૃત્તિ આપવામાં આવી શકે છે. આ રકમ ફી જમા કરાવવાથી લઈને પુસ્તકો ખરીદવા સુધીની દરેક જરૂરીયાત પુરી કરવામાં મદદ કરે છે. જેમ જેમ ધોરણો વધે છે તેમ તેમ ભણવાનો ખર્ચ પણ વધી જાય છે. આ વાતને ધ્યાનમાં રાખીને સરકાર ધોરણ ૧૧ અને ૧૨ ના પાત્ર વિદ્યાર્થીઓને દર વરસે મહત્તમ ૧.૨૫ લાખ રૂપીયા સુધીની ભારે ધરખમ આર્થિક સહાય ઉપલબ્ધ કરાવે છે. આટલી મોટી મદદથી વિદ્યાર્થીઓ સારી રીતે પોતાનો અભ્યાસ ચાલુ રાખી શકે છે અને ઉચ્ચ શિક્ષણની તૈયારી કરી શકે છે.

આ યોજના માત્ર સ્કુલોના બાળકો પુરતી જ સિમિત નથી પરંતુ કોલેજ જતા યુવાનોનો પણ ખ્યાલ રાખે છે. આ અંતર્ગત એક ખાસ પ્રોગ્રામ ચલાવવામાં આવે છે. જેને ટોપ કલાસ કોલેજ એજયુકેશન કહેવામાં આવે છે. આ હેઠળ કોલેજ અને યુનિર્વસિટીમાં ભણતા માત્ર વિદ્યાર્થીઓને રહેવા અને જમવાના ખર્ચ માટે દર મહિને ૩ હજાર રૂપીયા સુધીનુ લીવીંગ એલાઉન્સ (રહેવાનો ખર્ચ) આપવામાં આવે છે. આ ઉપરાંત દર વરસે પુસ્તકો અને સ્ટેશનરી માટે ૫ હજાર રૂપીયાની વધારાની આર્થિક સહાય પણ પુરી પાડવામાં આવે છે.

# દાંતા તાલુકા પંચાયતમાં કોંગ્રેસ ભાજપને ૧૦-૧૦ સીટ મળી: ટાઈ પડી પણ પછી ખેલાયો એવો દાવ કે ભાજપ પાસે સત્તા આવી

પ્રતિનિધિ,ગાંધીનગર




સત્તાના કાવાદાવા વચ્ચે આખરે અંબાજીના દાંતા તાલુકા પંચાયત માં ભાજપની સત્તા બની છે. કોંગ્રેસ અને ભાજપની ૧૦-૧૦ સીટો આવવાથી ટાઈ પડી હતી, પરંતુ કોંગ્રેસના એક સભ્ય ગેરહાજર રહેતા ભાજપને મોટો ફાયદો થયો અને કોંગ્રેસનો ગઢ કહેવાતા દાંતા તાલુકા પંચાયતને ૩૧ વરસ બાદ ભાજપ કબ્જે કરી છે.

બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકા પંચાયતમાં પ્રમુખ અને ઉપપ્રમુખ પદની ચુંટણીને લઈને આજે સોમવારે ભારે રાજકીય રસાકસી જોવા મળી હતી. ચુંટણી અગાઉ કોંગ્રેસ અને ભાજપ બંને પક્ષો પાસે સમાન ૧૦-૧૦ બેઠકો હોવાથી સત્તા મેળવવા માટે બંને પક્ષોએ જોરદાર પ્રયાસો હાથ ધર્યા હતા. મતદાન પ્રક્રિયા દરમિયાન કુલ ૨૦ સભ્યોમાંથી ૧૯ સભ્યો હાજર રહ્યા હતા. જયારે કોંગ્રેસનો એક સભ્ય ગેરહાજર રહેતા પક્ષને મોટો ઝટકો લાગ્યો હતો. કોંગ્રેસના સભ્યની ગેરહાજરીનો સીધો લાભ ભાજપને મળ્યો હતો. આ પરિસ્થિતિમાં ભાજપે કોંગ્રેસના વરસોથી મજબુત મનાતા ગઢમાં ગાબડુ પાડી સત્તા પર કબ્જો જમાવ્યો છે. દાંતા તાલુકા પંચાયતના નવા પ્રમુખ તરીકે ભાજપના પિન્કીબેન અશ્વિનકુમાર ચૌધરી વિજેતા જાહેર થયા હતા. જયારે ઉપપ્રમુખ પદ માટે ભાજપના ભરતકુમાર સ્વરૂપભાઈ રાણાની વરણી કરવામાં આવી હતી. પ્રમુખ અને ઉપપ્રમુખ બંને પદ પર ભાજપના ઉમેદવારોની જીત સાથે તાલુકા પંચાયતની સત્તા ભાજપના હાથમાં આવી ગઈ છે. રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે સમાન બેઠકો હોવા છતાં કોંગ્રેસના આંતરીક અસંતોષ અને એક સભ્યની ગેરહાજરીના કારણે ભાજપે અંતિમ ક્ષણે બાજી મારી સત્તાના શીખરે પહોચવામાં સફળતા મેળવી છે. ૩૧ વરસ પછી ભાજપે દાંતા તાલુકા પંચાયત કબ્જે કરી લીધી છે. જો કે કોંગ્રેસના તાલુકા પ્રમુખે આ ચુંટણી લોકશાહીના ઢબે ચુંટણી ન થઈ હોવાનો આક્ષેપ લગાવ્યો હતો. સાથે કોંગ્રેસના સભ્યને ઉઠાવી ગયા હોવાનો પણ જાકીરભાઈ અથાણીયાએ આક્ષેપ કર્યો હતો. જાકીરભાઈ અથાણીયાએ કહ્યુ હતુ કે આજે જે તાલુકા પંચાયતની ચુંટણી થઈ તેમાં સત્તાની રૂએ લોકશાહીની ઢબે ચુંટણી નથી થઈ, પરંતુ સત્તાધારી ભાજપ પક્ષે ઉમેદવારોને ઉપાડી જવા અને ચુંટણી કરે એ ચુંટણી ન કહેવાય, લોકોથી જીતીએ તે જ લોકશાહી કહેવાય, આ કોઈ લોકશાહીના ઢબે ચુંટણી નથી. સત્તાના રૂએ ભાજપવાળા કોંગ્રેસના ઉમેદવારને ઉપાડી લઈ ગયા હતા. ચુંટણી અધિકારીને પણ ફરીયાદ કરવાથી આ સરકારમાં કોઈ ને જવાબ મળવાનો નથી.

# આણંદ જિલ્લા પંચાયતમાં મોટો ઉલટફેર : હાઈકોર્ટના આદેશ બાદ કોંગ્રેસનુ સપનુ રોળાયું

પ્રતિનિધિ,ગાંધીનગર



આણંદ જિલ્લા પંચાયત પ્રમુખની ચુંટણીમાં છેલ્લા ૨૪ કલાકમાં અભુતપૂર્વ રાજકીય ડ્રામા જોવા મળ્યો હતો. ગઈ કાલ સુધી જીતના જસ્નમાં ડુબેલી કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે અને હાઈકોર્ટના હસ્તક્ષેપ બાદ આખરે જિલ્લા પંચાયત પર ભાજપે ભગવો લહેરાવી દીધો છે. હાઈ વોલ્ટેજ રાજકીય ગરમાવા વચ્ચે યોજાયેલી ચુંટણીમાં ભાજપના ઉમેદવાર મયુરીબેન પટેલ પ્રમુખ પદે ચુંટાઈ આવ્યા છે. જયારે ઉપપ્રમુખ પદે જીલુભાઈ સિંધા બિનહરીફ વિજેતા જાહેર થયા છે.

સમગ્ર વિવાદની વાત કરીએ તો આણંદ જિલ્લા પંચાયતમાં પ્રમુખ પદની બેઠક અનુસુચિત જનજાતિ (એસટી) માટે અનામત હતી, ભાજપના ઉમેદવાર મયુરીબેન પટેલે મહારાષ્ટ્ર સરકારનુ જાતિ પ્રમાણપત્ર રજુ કર્યુ હતું. જેની સામે કોંગ્રેસે સખત વાંધો ઉઠાવ્યો હતો, ફોર્મ ચકાસણી દરમિયાન જિલ્લા વિકાસ અધિકારી દેવાહુતીએ ગુજરાત સરકારના નિયમોનો હવાલો આપી મયુરીબેનનુ ફોર્મ રદ કરી દીધુ હતું. આ નિર્ણયથી કોંગ્રેસના ઉમેદવાર ગૌરીબેન તડવી બિનહરીફ જીતે તેવી સ્થિતિ સર્જાતા કોંગ્રેસ છાવણીમાં ભારે ઉત્સાહ અને ઉજવણીનો માહોલ છવાઈ ગયો હતો. જો કે ભાજપે હાર સ્વીકારવાને બદલે તાત્કાલીક ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા અને રીટ પીટીશન દાખલ કરી હતી. હાઈકોર્ટે મામલાની તાકીદે સુનાવણી કરીને મોટો ચુકાદો આપ્યો હતો અને ભાજપના ઉમેદવાર મયુરીબેન પટેલનુ ઉમેદવારીપત્ર માન્ય રાખવાનો આદેશ કર્યો હતો.

કોર્ટની લીલીઝંડી બાદ આજે સોમવારે પ્રમુખ પદ માટે મતદાન પ્રક્રિયા યોજાઈ હતી. ઉલ્લેખનીય છે કે આણંદ જિલ્લા પંચાયતમાં ભાજપ ૩૩ સભ્યોના તોતીંગ સંખ્યાબળ સાથે પહેલે થી જ સ્પષ્ટ બહુમતીમાં હતી, જેથી કોર્ટમાંથી ફોર્મ માન્ય થતા જ મયુરીબેન પટેલનો વિજય પાકો થઈ ગયો હતો. હાઈકોર્ટના આ એક જ ચુકાદાથી કોંગ્રેસનુ સત્તા મેળવવાનુ સપનુ રોળાઈ ગયુ હતું અને ભાજપે ફરી એકવાર આણંદમાં પોતાનો ગઢ સાચવી રાખ્યો છે.

ટ્રકને સાઈડ આપવા જતાં ડ્રાઈવરે કાબૂ ગુમાવ્યો

# ગોંડલ નજીક બસ પલટી: બે મહિલાના મોત, પાંચની હાલત નાજુક

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટના ગોંડલ નજીક સોમવારે વહેલી સવારે એક અત્યંત કરૂણ માર્ગ અકસ્માત સર્જાયો છે. પુરષોત્તમ માસના પવિત્ર અવસરે ધાર્મિક પ્રવાસે નીકળેલા શ્રદ્ધાળુઓની એક ખાનગી બસ પલટી મારી જતાં પરિવારના બે મહિલા સભ્યો (સાસુ-વહુ) ના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા છે.

આ ભયાનક દુર્ઘટનામાં બસમાં સવાર અન્ય મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચી છે, જેમાંથી પાંચ લોકોની સ્થિતિ અત્યંત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગોંડલના ભોજરાજપરા વિસ્તારમાંથી રવિવારે વહેલી સવારે એક ખાનગી બસ બગદાણા, ઊંચા કોટડા, રાજપરા અને ભગુડા જેવા પ્રસિદ્ધ ધાર્મિક સ્થળોના દર્શન કરવા માટે ઉપડી હતી. તમામ પવિત્ર ધામોના દર્શન કરીને પરત ફરી રહેલી આ બસ સોમવારે પરોઢિયે આશરે ૪:૩૦ વાગ્યે વોરા કોટડાથી બાંદરા જવાના સિંગલ પટ્ટી રોડ પરથી પસાર થઈ રહી હતી. આ દરમિયાન સામેથી આવી રહેલા એક ટ્રકને જગ્યા આપવા માટે બસ ચાલકે વાહનને રિવર્સમાં લીધું હતું. સિંગલ રોડ હોવાના કારણે ચાલકે સ્ટીયરીંગ પરથી કાબૂ ગુમાવતા જ બસ રોડ કિનારે આવેલા ઊંડા ખાડામાં પલટી ખાઈ ગઈ હતી.અકસ્માત સમયે બસમાં માસૂમ બાળકો, મહિલાઓ અને વયસ્ક શ્રદ્ધાળુઓ સહિત કુલ ૬૨ મુસાફરો સવાર હતા.

વહેલી સવારના અંધકારમાં અચાનક બસ પલટી જતાં મુસાફરોની ચીસાચીસથી હાઈવે ગુંજી ઉઠ્યો હતો. ઘટનાની જાણ થતાં જ આસપાસના ગામના સ્થાનિક યુવાનો અને સેવાભાવી સંસ્થાઓ તાત્કાલિક બચાવ રાહત માટે દોડી આવ્યા હતા અને બસના કાચ તોડીને ફસાયેલા લોકોને બહાર કાઢ્યા હતા.ઈમરજન્સી સેવાઓ અને પોલીસ પ્રશાસન પણ ત્વરિત એક્શનમાં આવ્યું હતું. ૧૦૮ અને નગરપાલિકાની એમ્બ્યુલન્સો મારફતે તમામ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ગોંડલની સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે, જયારે ગંભીર રીતે ઘાયલ ૫ દર્દીઓને વધુ સારવાર માટે રાજકોટ રિફર કરાયા છે. હાલમાં પોલીસ કાફલો કાયદેસરની કાર્યવાહી અને અકસ્માતના ચોક્કસ કારણોની તપાસ કરી રહ્યો છે.

## પૂર્વ પંચાયત મંત્રી બચુ ખાબડના ગઢમાં મોટુ ગાબડુ: ધાનપુરમાં હુમલા અને હાઈ વોલ્ટેજ ડ્રામા વચ્ચે પ્રમુખ પદે આમ આદમી પાર્ટીના નેતા સોનલબેન વિજેતા જાહેર

પ્રતિનિધિ,ગાંધીનગર




દાહોદના દેવગઢ બારીયાના ધાનપુર તાલુકા પંચાયત પ્રમુખ પદે આમ આદમી પાર્ટીના સોનલબહેન ભુરીયા નિયુકત થયા છે. પ્રમુખ પદની ચુંટણીમાં ભારે રાજકીય ગરમાગરમી અને હાઈ વોલ્ટેજ ડ્રામા સર્જાયો હતો. ચુંટણી પ્રક્રિયા શરૂ થાય તે પહેલા જ વાસીયા ડુંગરી નજીક આમ આદમી પાર્ટીના ઉમેદવારોની ગાડીઓ પર હિંસક હુમલો કરી તેમને રોકવાનો પ્રયાસ કરાયો હતો. જો કે પોલીસે ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત વચ્ચે આમ આદમી પાર્ટીના ૧૨ સભ્યોને પંચાયત કચેરી પહોચાડયા હતા. જયાં બંને પક્ષોના સમર્થકો વચ્ચે ભારે ઘર્ષણ થતા મામલો વધુ તંગ બન્યો હતો. ઉચ્ચ પોલીસ અધિકારીઓએ મોરચો સંભાળી ચુંટણી યોજાવી હતી. જેમાં કુલ ૨૪ બેઠકો પર ભાજપ અને આમ આદમી પાર્ટી વચ્ચે ૧૨-૧૨ ની બરાબરી થતા મામલો ચિઠ્ઠી પ્રક્રિયા પર પહોચ્યો હતો. અંતે ચિઠ્ઠી ઉછાળવામાં આવતા આમ આદમી પાર્ટીના સોનલબેન ભુરીયા વિજેતા જાહેર થયા હતા. આમ પૂર્વ પંચાયત મંત્રી અને ધારાસભ્ય બચુ ખાબડના ગઢમાં મોટુ ગાબડુ પડયુ છે.